# અધ્યાત્મ


વર્ષ-૪

અંક-૯

જૂન-૧૯૮૩




# સદ્‌ભાવભરી ભેટ

સત્કર્મમાં સહાયરૂપ થવા, પ્રભુ પ્રેરણા કરતો રહે છે. એ ન્યાયે, અધ્યાત્મના વાંચકો ને શુભેચ્છકો તેઓની સદ્‌ભાવભરી સહાય મોકલતાજ રહે છે તે સહુને અભિનંદન. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ—

રૂ. ૧૦૧ શ્રી સુખાભાઇ ભીખાભાઈ ભક્ત, સીતાપુર.

રૂ. ૧૦૧ શ્રી નિવેદિતા ધનસુખલાલ ભક્ત, અમેરિકા.

રૂ. ૧૦૧ શ્રી દિવાળીબેન પ્રભુભાઇ ભક્ત, કપુરા.

રૂ. ૧૦૧ શ્રી ડાહીબેન લલ્લુભાઇ ભક્ત, ધામણ.

રૂ. ૧૦૧ શ્રી મણિબેન ઈશ્વરભાઈ પટેલ, કપુરા.

રૂ. ૫૧ શ્રી મધુસૂદન રતિલાલ, મોરબી.

રૂ. ૧૧ શ્રી અતુલ આસર મોરબી.

રૂ. ૧૧ શ્રી ચદ્રકાન્ત બી. ટેલર, રાંદેર.

રૂ. ૫૧ ઉત્તમભાઈ નગીનદાસ દૂધવાળા, સુરત



શ્રી યોગેશ્વરજી

# શ્રદ્ધા–ભક્તિ દો દર્શન અમોને

શ્રી રામકૃષ્ણ વંદુ તમોને
શ્રદ્ધા ભક્તિ દો દર્શન અમોને,
અરજી કરેલી જૂની અમારી
કૃપાની વર્ષા વરસો નીરાળી.
શ્રી યોગેશ્વર પ્રભુ વંદુ તમોને
શ્રદ્ધા ભક્તિ દો દર્શન અમોને (૧)
પરમાણુ પ્રાણના પ્રેમે ભરી દો
ચંચળતા ચિતની સઘળી હરી લો,
મમતાને મારો, કરૂણાથી તારો.
પંથ બતાવો, પ્રગતિનો ન્યારો (૨)
શ્રી રામકૃષ્ણ
વૈરાગ્યનું દો દાન, કૃપાળુ !
તિમિર હૃદયનું હરજો અમારૂં,
કરૂણા કરીને તાર્યા હજારો,
વારો હવે છે આવ્યો અમારો
શ્રી યોગેશ્વર પ્રભુ વંદુ તમોને
શ્રદ્ધા-ભક્તિ દો દર્શન અમોને.

—સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૪ અંક : ૯ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫–૦૦ વિદેશમાં રૂ. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાંકે
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
પૂજ્ય શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
(ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ ક્નેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧


## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| તાપ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| પૂર્ણ માનવ | ભાઇલાલભાઇ છાટબાર | ૫ |
| કાળ વિજયી દેહધારી | | |
| બાબા દેવરાહ | ભાઈલાલભાઇ છાટબાર | ૮ |
| ધ્યાન સાધના શિબિર સુરતનો | | |
| સંક્ષિપ્ત અહેવાલ | એક સાધક | ૧૧ |
| શિબિરની વિશેષતાઓ | તંત્રી | ૧૫ |
| ઈનામ વિતરણ | સુમનભાઈ શાહ | ૧૬ |
| ભાગવત સુધા | પ્રા. જનાર્દન દવે | ૧૭ |
| પ્રેરણામૂર્તિ શ્રી યોગીજી મહારાજ | શાસ્ત્રી પ્રીતમપ્રસાદદાસ | ૨૦ |
| નિરાકારના ઉપાસક મહાયોગી | | |
| તોતાપુરી (૩) | નારાયણ હ. જાની | ૨૫ |
| મહાયોગી અરવિંદની અમરકૃતિ | | |
| સાવિત્રી— | આશાબહેન ત્રિવેદી | ૩૪ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૩૬ |
| માતાનો મહિમા | શ્રી યોગેશ્વરજી | ૪૧ |
| એના એ ! | ડૉ. રણજીત પટેલ | ૪૨ |
| વિજ્ઞાન અને સંતો | ઈશ્વરભાઈ ભક્ત | ૪૩ |
| પ્રકાશના પંથે | નારાયણ હ. જાની | ૫૦ |
| જીંદગી જો બંદગી બને તો ? | ભૂપતરાય મો. ઠાકર | ૫૬ |
| મૃત્યુ નજીકની થોડી પળો | રા. પ્રે. પુરોહિત | ૫૯ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

વર્ષ : ૪ જૂન-૧૯૮૩ અંક : ૯

## તાપ

ઉકળાટ, ઉકળાટ, ઉકળાટ. ચારે તરફ ઉકળાટ. ઉપર નીચે, આગળ પાછળ, સર્વત્ર ઉકળાટ. અરે ઘરની દીવાલો તો તપે જ છે, પરંતુ સાથે સાથે તન પણ તપે છે. એની અસર કેટલાકની ઉપર એટલી બધી અમોઘ, અજબ, અસાધારણ રીતે પડે છે કે મન પણ તપે છે. ઉનાળો તો ખરો જ, પરંતુ ભર ઉનાળો છે, એટલે તાપ હોય જ. બધુ તપે જ. ના તપે તોજ નવાઇ કહેવાય. તપેલા માનવો, પંખીઓ, પશુઓ વિશાળ વડલાની નીચે જાય છે, બેસે છે, વિશ્રામ કરે છે, તાપ તથા થાકને મટાડે છે. ત્યાં કોઇએ પરબ બેસાડી છે. પરબનું મીઠું ઠંડું પાણી પીને શાંતિ અનુભવે છે. એવા તાપમાં કોઇક ઘરમાં આવે છે. શરીર પરસેવાથી લથપથ હોય છે. જાણે જવાળા જાગી. ઘરમાં રહેનારા સહાનુભૂતિથી સંપન્ન સેવાભાવી હોય છે. એ એમને બેસવા માટે આસન આપે છે. તરત જ પંખો કરે છે. ઠંડુ પાણી પાય છે. આવનારને નિરાંત લાગે છે. સ્વર્ગસુખ મળે છે.

તાપ જુદી જુદી જાતના હોય છે, અને તાપથી તપ્ત કે સંતપ્ત આત્માઓ આપણી આ અવનીમાં અને હાલતાં ચાલતાં, ડગલે પગલે એમનું દર્શન થાય છે. એમને જોઈને સહાનુભૂતિથી સંપન્ન

બનીએ, એમના તાપને મટાડવા માટે પંખો કરીએ તો ? પ્રેમનો પંખો, પવિત્રતાનો પંખો, માનવતાનો મીઠો પંખો. દયાનો, ક્ષમાનો, કરૂણાનો, સેવાભાવનો પ્રેમમય પંખો. તો એમને કેટલો બધો આરામ મળે ? કેટલી બધી રાહત રહે ? એમને અમૃતથી અદકું મીઠું ઠંડું મધુવચન મધુર દષ્ટિનું, આશ્વસનયુક્ત શબ્દોનું, પાણી પાઈએ તો ? એમને માટે એકાદ વૃક્ષ બનીએ, લીમડો, વડલો, એની નીચેની મીઠી પીયૂષપાણી પાતી, આશ્રય આપતી, શાંતિ બનતી, તાપ અને તૃષાને ટાળતી, પરબ બનીએ તો ? બીજાને માટે કેટલા બધા આરામદાયક, આશીર્વાદરૂપ થઈએ ? કોઇને ઘડી બે ઘડી જીવન દઈએ, કોઇના જીવનમાં પ્રેરણા તથા પ્રકાશ ભરીએ, કોઇના થાક, વિષાદ, અભિશાપને હરીએ. કોઈના જીવનને હર્યુંભર્યું કરીએ, ચેતન ધરીએ.

બાકી તાપ તો રહેવાનો જ. તાપ હશે તો જ છાયા થશે. વાદળ બંધાશે. વૃષ્ટિ થશે. ધરતી અવનવી સસ્યશ્યામલા બનશે, ખેતરોમાં પાક બનશે, તાપથી ડરીએ કે ડગીએ નહીં. તાપમાં છાયા કરીએ. કોઈકની છાયા બનીએ. કોઇને વધારે સંતપ્ત તો ના જ કરીએ.

—યોગેશ્વર



# પૂર્ણમાનવ

ભાઈલાલભાઇ છાટબાર

સંપૂર્ણ રીતે પૂર્ણ માનવ અધ્યાત્મપ્રદેશમાં જ માત્ર પૂર્ણતાને વરેલો નથી હોતો પરંતુ દેશકાળ, સંયોગો અને પરિસ્થિતિઓમાં ગમે તેવું રૂપાંતર થાય તોપણ તે 'સ્વ'-માં સુસ્થિર અને સ્તબ્ધ કરી દે તેવી ઊર્જાથી ભરપૂર હોય છે. તેનું આધિપત્ય માત્ર તેના પોતાના મન ઉપર જ નહિ પણ સમસ્ત ચેતન જગતના તમામ પ્રાણીપદાર્થ ઉપર હોય છે. તેથી તે સંસારભરનો સુકાની બની રહે છે. 'સ્વ'ના ગૌરવને પ્રાપ્ત મનુષ્ય પરમાત્મા છે.

આવું આધિપત્ય તેને પ્રત્યેક પ્રાણીપદાર્થ પ્રત્યેની વેધક, સ્વચ્છ અને સાફ દૃષ્ટિ આપે છે. પરિણામે તે બ્રહ્માંડના જ્ઞાન અને પ્રાપ્ત આધિપત્યના કારણે-આભ્યંતરિક અને બાહ્ય સ્વામીત્વના કારણે—ઇશ્વરી સત્તાનું ઐશ્વર્ય ભોગવે છે. સુયશ, સુશ્રી, સમ્યક્‌જ્ઞાન, સુધર્મ અને વીતરાગ તેને સહજ હોય છે. વૈરાગ્યના રાગથી પણ તે પર હોય છે.

આવા મનુષ્યના સાન્નિધ્યમાં, બાહ્ય ઇન્દ્રિયોથી અગોચર હોવા છતાંય-આંખથી ન દેખાય, કાનથી ન સંભળાય અને સ્પર્શથી ન સમજાય એવી છતાંય-મનથી અંતર્યામીને સ્પર્શ કરનારી એક અપાર્થિવ લહેર હોય છે. આ અપાર્થિવ લહેર એટલે ચૈતન્યના સૂક્ષ્મ આંદોલનોનો ધારા-પ્રવાહ. ચૈતન્ય લહેર તરંગિત થતી રહે છે અને તેને વીંટળાયેલું તેજોવલય ચૈતન્યનાં કિરણો બહાર ફેંકે છે. તેના સાન્નિધ્યમાં બેસતાં, ગમે તે પ્રકારની પૂર્વગ્રંથિવાળા મનુષ્યનેય કોઇ અપૂર્વ

શાન્તિનો અનુભવ થાય છે. એની વ્યક્તિત્વ–પ્રતિભામાં, એની નિકટ ઉપસ્થિતિમાં, સૌ કોઈ એક પ્રકારની શાન્તિની સૂક્ષ્મ લહેરોનો અનુભવ કરે છે.

આ તેજોવલય એ પૌષ્ટિક આહાર અને પુષ્કળ આરામના કારણે ઉત્પન્ન થયેલ ત્વચાનો ચળકાટ નથી હોતો. શબ્દશઃ એમ પણ ન કહી શકાય કે અધ્યાત્મનું તેજોવલય એટલે મસ્તક આસપાસ રેખાંકિત થતું પ્રકાશવર્તુલ.

તેજોવલયની પરિભાષા અધ્યાત્મક્ષેત્રે કૈંક જુદી જ છે. સુતીક્ષ્ણ બુદ્ધિનો તેજસ્વી ચમકારો, જ્ઞાનપ્રકાશ સભર આંખોની આનંદપૂર્ણ ચમક, ચિન્મય શાન્તિની મનપ્રાણને ભરી દેતી સૌરભ, પ્રત્યેક કાર્ય કે ક્રિયામાં પ્રતિબિમ્બિત થતી ધીરગંભીર દિવ્ય છટા, પ્રેમના અક્ષય પાત્રમાંથી પ્રત્યેક પરિચિત–અપરિચિતને પ્રાપ્ત થતો સ્નિગ્ધ સ્નેહ, અંતરતમના ગહન ઊંડાણમાંથી પ્રવાહિત થતા આનંદઝરણાંનો આલોકિત કરતો પ્રકાશ—આ બધું મળી રચાતું તેજોવલય પૂર્ણપુરુષની પ્રતિભા પ્રત્યે અદમ્ય આકર્ષણ ઊભુ કરે છે; અને પૂર્ણપુરુષ પોતાની અસીમ ઊર્જા દ્વારા સૌનું કલ્યાણ સાધે છે અને કલ્યાણસાધનાના આ કાર્યમાં તે પોતાની સચ્ચિદાનંદ સ્વરૂપ આંતર્ ચેતનાના પરિપૂર્ણ પ્રાકટ્યની અનુભૂતિ કરે છે.

આ પૂર્ણપુરુષમાં સમસ્ત બ્રહ્માંડ સમાયેલું હોય છે તો પછી એને માટે કયો દેશ–વિશેષ પોતાનો હોઈ શકે?

આપણે એની સાથે હોઈએ છીએ ત્યારે આપણને પોતાને ય લાગે છે કે આપણે કોઈ ભવ્ય આધ્યાત્મિક ઘટના અને તેના પરિબળના એક અંશ છીએ.



એને કાળવિજયી સ્મિત વરેલું હોય છે જે એના સંપર્કમાં આવનાર મનુષ્યોની તિમિરથી ઘેરાયેલી જીવનપળોમાં અનેકવાર દિવ્ય આલોકની પાવન દિશારેખા બનીને તેમના પથને ઉજ્જવળ કરતું રહે છે અને તેમની ભ્રાન્ત તથા શ્રાન્ત દૃષ્ટિનું કાન્ત તથા શાન્ત દૃષ્ટિમાં પરિવર્તન કરે છે. એનું સહજ અલભ્ય સ્મિત, અનુગ્રહપૂર્ણ વરદ હસ્ત અને સ્નેહસિક્ત આશિષ પ્રાપ્ત થતાં જાણે દિવ્ય વરદાનને પામીએ છીએ.

પૂર્ણ માનવ હિમાલયની ગુફામાંહિની કે ગંગાતટ ઉપરની કોઈ નિષ્પ્રાણ જડ પથ્થરમૂર્તિ સમાન નથી હોતો; પરંતુ એ તો પોતાના યુગની સમગ્ર માનવજાતને પ્રભાવિત કરી દઈ, તેને ઘાટઆકાર આપી, આદર્શ માનવપરિવારમાં પરિવર્તન કરી શકે તેવો સ્રષ્ટા હોય છે. પરમશક્તિની આરાધના અને સેવા, તેનો પરિચય અને પ્રેમ મનુષ્ય માત્રમાં જાગે તે તેનું મિશન હોય છે.

તમારા હૃદયમાં જો ઉદારતા ન હોય તો નક્કી જાણજો કે ખરાબમાં ખરાબ પ્રકારનો હૃદયરોગ તમને લાગેલો છે.

તમારા સંબંધીઓ તમારે વિશે શું વાતો કરતા હશે એ જાણવું હોય, તો તમારા કરતાં વધુ લાયક માણસો વિશે તેઓ શું કહેતા હોય છે તે સાંભળો.

# કાળવિજયી દેહધારી બાબા દેવરાહ

[મુક્ત અનુવાદ : ભાઈલાલભાઇ છાટબાર]

સ્વયં પ્રેમસ્વરૂપ બાબા દેવરાહ ભારતની ઇશાને આવેલી હિમાલયની ગિરિમાળામાં સામાન્ય રીતે નિવાસ કરે છે. પરંતુ દર ઉનાળે થોડા મહિના ઋષિકેશથી થોડે દૂર હિમાલયના ઊંડાણમાં આવેલા એક મંદિરે તેઓ રહેવા માટે જાય છે. તેઓ ઉત્તર ભારતના એક સુપ્રસિદ્ધ સંત છે.

ભારતના પહેલા રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદે બાબા દેવરાહ વિશે ઉલ્લેખ કરેલો કે–'બાબાની ઉંમર ૧૫૦ વર્ષથી વધારે છે, તે હકીક્તને હું સાક્ષી છું.' ડૉ–રાજેન્દ્રબાબુએ આ નિવેદન કરેલું ત્યારે તેઓ પોતે ૭૦ વર્ષથી વધારે વયના હતા.

ડૉ. રાજેન્દ્રબાબુએ કહેલું કે— "મારા પિતાશ્રીની આંગળીએ હું બાબાના દર્શને જતો. ત્યારે પણ તેઓ અતિ વૃદ્ધ હતા."

રાષ્ટ્રપતિના આ નિવેદનથી સ્વામી શ્રી રામના મનમાં બાબા દેવરાહને મળવાનું કુતૂહલ જાગેલું.

ઉનાળાની ઋતુમાં બાબા આસામની પહાડી ગુફામાંથી નીકળી વચ્ચે વચ્ચે પડાવ કરતા કરતા ઋષિકેશથી ઉપલાણના પ્રદેશમાં આવેલ મંદિરે જવા નીકળે છે ત્યારે દરેક પડાવે સરુના લાકડામાંથી–ભક્તોએ ઊભી કરેલી કુટિયામાં રહે છે. દરેક પડાવે લોકોનાં ટોળેટોળાં દર્શન–વંદન માટે ઊમટે છે. તેઓના પ્રેમી–ચાહક ભક્તોનો સમુદાય અતિ વિશાળ છે. સરકારી અમલદારો અને પોલિસ અફસરો આશીર્વાદ



મેળવવાની ઇચ્છાથી આવા પ્રવાસ વખતે અવારનવાર બાબા પાસે આવે–જાય છે.

સ્વામી રામે ડૉ. રાજેન્દ્રપ્રસાદનું કથન સાંભળ્યું તે જ ઉનાળે રસ્તે જતાં ઋષિકેશના મુકામે બાબાને મળવાનો મનમાં દૃઢ નિશ્ચય કર્યો... પછી તો આ સ્વામી રામ બાબાને અનેક વાર મળીને વાતો કરતા. બાબા ખૂબ તંદુરસ્ત અને ૭૦-૭૫ આસપાસની ઉંમરના દેખાતા હતા.

બાબા ઉગ્ર તપસ્વી, કઠોર વ્રતધારી અને સ્વભાવે અતિ મૃદુ છે. તેઓ કોઈ ભક્તને સ્પર્શ કરવા દેતા નથી. કોઈ કોઈ વાર ભક્તવૃંદ સમક્ષ તેઓ પરમાત્મપ્રેમ ઉપર વાર્તાલાપો આપે છે.

૧૯૭૪ ના હરદ્વારના કુંભમેળામાં સ્વામી રામના કેટલાક અમેરિકી શિષ્યોએ બાબા દેવરાહની મુલાકાત લીધી હતી.

આટલી બધી આગળ વધેલી વૃદ્ધાવસ્થા છતાં બાબાનું શરીર તંદુરસ્ત અને ખડતલ છે. આની પાછળનું રહસ્ય ખોળી કાઢવા સ્વામી રામે કોશિષ કરેલી. તેને જાણવા મળ્યું કે બાબા યોગના કેટલાક પાસાંઓ અને ક્રિયાઓ નિયમિત રીતે આચરે છે. ખોરાકમાં માત્ર ફળો અને શાકભાજી લે છે. યોગમાં કેટલીક ખાસ સાધનાઓ અને તેનાં ધાર્યા મુજબનાં પરિણામો સંખ્યાબંધ છે. સાધકો વ્યક્તિગત પોતાની રુચિ અને જરૂરિયાત અનુસાર તેમાંથી કોઇક સાધના પસંદ કરી શકે છે.

સ્વામી રામ સાથેના સંવાદમાં બાબાએ કહેલું કે–નિજાનંદ એ સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. સાધનામાં નિયમિતતા અતિ આવશ્યક છે. શ્વસનક્રિયામાં ઉચ્ચતમ પ્રાણાયામોની ક્રમબદ્ધ

પદ્ધતિનો આશ્રય એટલો જ આવશ્યક છે. પ્રાણાયામ-પ્રાણસંયમની વૈજ્ઞાનિક કલાત્મક નિયમપદ્ધતિ એ કાળવિજયી દેહ પ્રાપ્ત કરવા માટેની કૂંચી છે. આવો પ્રાણસંયમ-પદ્ધતિનો આશ્રય દીર્ઘ આયુષ્ય અને સ્ફૂર્તિમય તંદુરસ્ત શરીર બક્ષે છે. × +

×(સ્વામી અજય સંપાદિત Living with the Himalayan Masters—ગ્રંથના આધારે)

+ [તા-૧૨-૨-'૮૩ ના દિવસે બાબા દેવરાહ અલ્લાહાબાદમાં બિરાજતા હતા ત્યારે આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી ઇન્દિરાજી આસામથી દિલ્હી પાછાં વળતાં એમનાં દર્શન-વંદન માટે ત્યાં ગયેલાં. ]

ઈશ્વરનું સામિપ્ય શોધવાની સાધના એટલે ભક્તિ.

* * *

ઈશ્વર પાસે બેસવાની સાધના એટલે જ ઉપાસના.

* * *

સદ્ગુરુ શિષ્યને પોતાના સદૃશ બનાવે છે. પણ તે પોતાનું પ્રતિરૂપ ન બને તેની કાળજી રાખે છે.



# અખિલ ગુજરાત દસમી ધ્યાન સાધના શિબિર

—એક સાધક

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં સુરત ખાતે દસમી ધ્યાન સાધના શિબિર તા. ૮-૫-૮૩ થી ૧૪-૫-૮૩ સુધી યોજાઈ. શિબિરનું સ્થળ હતું એમ. ટી. બી કોલેજ, આઠવા લાઈન્સ, સુરત.

શિબિરમાં કુલ ૪૫૦ જેટલા સાધક ભાઈ બહેનોએ ભાગ લીધો. તેમાં સુરતના ૧૩૮, વડોદરાના ૧૦૧, અમદાવાદના ૪૭, મોરબીના ૨૯, મુંબઈના ૨૪, કપુરાના ૨૪, ભાવનગરના ૧૧, પાલનપુરના ૧૦, ખીરસરાના ૮, ને વિદ્યાનગરના ૭ હતા. આ ઉપરાંત જામનગર, હારીજ, પૂના, અમલસાડ, રાજકોટ, વ્યારા, વલસાડ, અંકલેશ્વર, છોટા ઉદેપુર, સેલવાસા, ભરૂચ, આણંદ વગેરેના સાધકો બબ્બેની સંખ્યામાં હતા. ખાસ નોંધનીય વાત તો એ હતી કે અમેરિકા ને ઇંગ્લેન્ડના દસેક જેટલા ભાઇ બહેનો આ શિબિરમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા ને આત્મિક ઉન્નતિ માટેની એમની પ્રબળ ભાવનાની પ્રતીતિ કરાવી હતી.

ધ્યાન સાધના શિબિર એટલે એક જ ભાવનાથી રંગાયેલા માનવોનું આત્મોન્નતિ માટેનું સતત સાત દિવસનું મિલન.

શિબિરના કાર્યક્રમમાં સૌથી વિશેષ મહત્ત્વ ધ્યાનની બેઠકોનું. આખા દિવસની ચાર જેટલી ધ્યાનની બેઠકોમાં કુલ ત્રણેક કલાક જેટલો સમય જતો. આત્મિક શાંતિના સંસ્પર્શ

માટે માણસે શાંત ચિત્તે બેસવાનો અભ્યાસ કરવો આવશ્યક છે. તે માટે તન અને મન બન્નેને શાંતિથી બેસવાની તાલીમ આપવી જોઇએ. એથી શિબિરમાં આ તાલીમ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો. એમાંય ત્રણ જેટલી ધ્યાનની બેઠકો તો પ. પૂ. શ્રી. યોગેશ્વરજીના માર્ગદર્શન ને સંન્નિધિમાં મળતી. એમની ઉપસ્થિતિ માત્ર તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના સુરીલા ને ભાવ પૂર્ણ કંઠે ગવાયેલી પ્રાર્થના અને ભજનોથી વાતાવરણમાં એક પ્રકારની શાંત દિવ્યતાના પ્રસારની અનુભૂતિ સાધકો કરતા. માણસોનો શ્વાસોચ્છવાસ પણ સંભળાય એટલી ઊંડી શાંતિ હોલના વાતાવરણમાં છવાઇ જતી.

શિબિરનો પ્રારંભ વહેલી સવારના ૫-૩૦ થી ધ્યાનની પ્રથમ બેઠકથી થતો. તે પછી પૂ. શ્રીની સૂચનાથી સાધકોને વ્યાયામ મળી રહે તે માટે એકાદ કીલોમીટરની ઝડપી ચાલ ને દોડ પણ રાખવામાં આવી હતી. તે પછી સાધકોને પલાળેલા ચણા ખાસ આપવામાં આવતા. મોટી ઉમ્મરનાં સાધક ભાઈ બહેનો પણ એમાં ઉત્સાહથી ભાગ લેતા.

સવારે ૬-૩૦ કલાકે સાધકોને ચા, કોફી, દૂધ કે ઉકાળો મળતો. એની વ્યવસ્થા સારી હતી. પૂ. શ્રી સાધકોને ચા, કોફી છોડાવતાં. ચા, કોફી પીનારા સાધકોની સંખ્યામાં નોંધનીય ઘટાડો થયો એ ફલશ્રુતિ સમાન હતું.

લકુલેશ ફાઉન્ડેશન તરફથી યોગાચાર્ય શ્રી દેસાઇ-દરરોજ સવારે આસનો અને પ્રાણાયામની વિવિધ પ્રક્રિયાઓ સમજ સાથે બતાવતા. એમની શૈલી ખૂબ રોચક ને પ્રતીતિકર હોવાથી સાધકોને ગમતી. પ્રાણાયામના કેટલાક ખાસ પ્રકારોને રોજીંદા જીવનમાં કોઈપણ ઉમ્મરના સાધકો કરી શકે તેવાં આસનો તેઓએ સુંદર રીતે બતાવ્યાં.



સવારની ધ્યાનની બેઠક પછી, પૂજ્યશ્રી યોગેશ્વરજી પણ હળવા વ્યાયામનાં આસનો ને બીજી કસરતો બતાવતા. એ પ્રસંગે પૂ. શ્રીનો આનંદી ને વિનોદી સ્વભાવ ખૂબ ખીલી ઊઠતો. સતત એક કલાકના ધ્યાન પછી સાધકોને લાગેલ શ્રમ આથી દૂર થઈ જતો. નવા આગંતુકને એ વિચાર થઇ પડે કે આત્મસંયમ યોગ જેવા ગહન વિષય ઉપર ગંભીરતાપૂર્વક પ્રવચનો આપનાર આ મહાપુરુષ જીવનની કેટલીક પળોમાં આવા હળવા ફૂલ બાળક જેવા ઉલ્લાસમય થઇ શકે શું ?

પ્રશ્નોત્તરીમાં સાધકોને આત્મિક સાધનાના માર્ગે મૂંઝવતા પ્રશ્નોના જવાબ પૂ. શ્રી સચોટ, ટૂંકા ને સમજપૂર્વક આપતા. આ પ્રત્યુત્તરોમાં પૂ. શ્રીની અનોખી પ્રતિભા અને સાધના ક્ષેત્રની સ્વાનુભૂતિ સરસ રીતે અભિવ્યક્તિ પામતી. સાધકો જ્ઞાનસભર છતાં વિનોદપૂર્ણ પ્રશ્નોતરી આનંદપૂર્વક માણતા.

શિબિરના સાત દિવસોના ગાળામાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને બે દિવસોએ મૌન હતું. તે સિવાયના દિવસોમાં, સાંજની બેઠકમાં તેઓએ સરળ તેમજ પ્રવાહી શૈલીમાં દક્ષિણ આફ્રિકાની યાત્રાની માહિતી, ખૂબ વિગતવાર આપી. તેઓ પોતાની રોજનીશી લખતાં હોવાથી, પૂ. શ્રીના અંગત જીવનની ઘણી ઝીણવટભરી વિગતો સાધકોને જાણવા મળી. પૂ.શ્રી પોતાના અંગત જીવનમાં કેવા સાદા, સરળ, જાગૃત, આત્મનિષ્ઠ છે તેમજ પદપ્રતિષ્ઠા ને સંપત્તિ પ્રત્યે કેવા નિર્મોહી છે, તેના ઉદાહરણો પૂ. માએ પોતાના પ્રત્યક્ષ અનુભવના આધારે રજૂ કર્યા. વિદેશ યાત્રામાં પૂ. શ્રી નો ખોરાક ખૂબ સાદો-મુખ્યત્વે ખીચડી કે મગભાતનો જ અને તે પણ ઘણે ઠેકાણે તેઓ જાતે જ બનાવી લેતા. એ વિગતો પણ તેઓએ સરસ રીતે જણાવી.

દરરોજ સાંજે વનિતાવિશ્રામના પટાંગણમાં પૂ. શ્રીનું આત્મસંયમયોગ ઉપર પ્રવચન થતું. તેમાં શિબિરાર્થીઓ ઉપરાંત સુરત શહેરની જનતા પણ સારા પ્રમાણમાં ભાગ લેતી.

એકંદરે શિબિરની વ્યવસ્થા સંતોષકારક હતી. શિબિરાર્થીઓને જરૂરી સુવિધા પૂરી પાડવા સુરતના સાધકોએ સારો એવો પરિશ્રમ ઉઠાવ્યો. એમાં મુખ્ય કાર્યકરો હતા પ્રો. ટી. જી. ભટ્ટ, શ્રી રમેશભાઇ પટેલ, શ્રી શશિકાન્તભાઈ લેખડિયા, શ્રી સુમનભાઈ શાહ, શ્રી છગનભાઇ, શ્રી રેશમવાલા, શ્રી સંધ્યાબેન, શ્રી જનકબેન, શ્રી હિમાંશુ પાઠક, શ્રી જયકિસનભાઈ સોરઠિયા. વડોદરા, પાલનપુર, અમદાવાદ, મોરબી વગેરેના સાધકો પણ રસોડામાં પોતાની સેવાઓ આપતા.

શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી. યોગેશ્વર ધ્યાન કેન્દ્ર સુરત તરફથી 'અમરજીવન' ની પુસ્તિકા સાધકોને કુટુંબ દીઠ એક આપવામાં આવી હતી. એ પુસ્તિકામાં પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના માતાજીના સ્વર્ગવાસ પછી 'મૃત્યુ વિષે' આપેલાં પ્રવચનોની સંપૂર્ણ નોંધ છે.

ગુરુ જીવન–સાર્થકયના સંચાલક છે.

* * *

ગુ. એટલે અંધકાર અને રુ. એટલે પ્રકાશ. અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જાય તે ગુરુ.

# દસમી ધ્યાન સાધના શિબિરની વિશેષતાઓ

તંત્રી

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તેમજ પ પૂ. માશ્રી સર્વેશ્વરીની સંનિધિમાં સુરત ખાતે યોજાયેલ દસમી ધ્યાન સાધના શિબિર અગાઉની શિબિરો કરતાં કેટલીક ખાસ વિશેષતા ધરાવે છે. જે નીચે પ્રમાણે ગણાવી શકાય.

૧. સંખ્યાની દૃષ્ટિએ અગાઉની બધી શિબિરો કરતાં આ સૌથી વધુ જન સંખ્યા ધરાવતી શિબિર હતી. એમાં ૪૩૬ જેટલાં સાધક ભાઈ બહેનોએ ભાગ લીધો.

૨. પરદેશમાં વસતા દસ જેટલા ભારતીય ભાઇ બહેનો એમાં શરૂઆતથી જ જોડાયા.

૩. સાધકનું જીવન કોઈ પણ પ્રકારના નાના મોટા વ્યસનથી મુક્ત હોવું જોઈએ. પૂ. શ્રી એ વાત ઉપર ખૂબ ભાર મૂકે છે. એટલે એમણે લગભગ ૭૫ જેટલા સાધક ભાઈઓને શિબિર દરમ્યાન ચા, કોફી, બીડી, સીગરેટ, ઇંડાં, દારૂ, માંસ ભક્ષણ તેમજ વ્યભિચાર જેવી બદીઓમાંથી પ્રતિજ્ઞા લેવડાવી મુક્તિ આપવી. જીવન સુધારાનું કેવું મોટું કામ!

નોંધઃ–આ પ્રતિજ્ઞા વખતે કેટલાક એવા પણ સાધકો હતા કે જેઓ રોજીંદા જીવનમાં પાંચ સાત કે દસ કપ ચા પીતા હોય કે પચ્ચીસ ત્રીસ સીગારેટ બીડી પીતા હોય. પરંતુ તેઓએ શિબિરના ત્રીજા દિવસથી જ એ બધું છોડયું. ને શિબિરના અંત સુધી એને વળગી રહ્યા એ પ્રત્યક્ષ જોયું.

શરૂમાં બીજા દિવસે કેટલાક ભાઈઓને થોડી તકલીફ થઈ પરંતુ પ્રબળ ઇચ્છા શક્તિ આગળ વ્યસનનું જોર કેટલું ચાલે? પૂ. શ્રીએ કહ્યું.–તમારો પુરુષાર્થ ને પ્રભુની સહાય. એ સિવાય જીવનમાંથી વ્યસનો કે દુર્ગુણો જતા નથી.

# ભજન સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર

સુમનભાઇ શાહ

૧૯૮૨ની પંદરમી ઓગસ્ટે પૂ.શ્રી યોગેશ્વરજીના ૬૨ મા જન્મદિન નિમિત્તે અ. સૌ ઊર્મિલાબેન સુ. શાહ તરફથી સ્વ.રાજનકુમાર સુ. શાહના સ્મરણાર્થે પ.પૂ.મા શ્રી સર્વેશ્વરી કે પૂ.શ્રી યોગેશ્વરજી રચિત ભજનોની સ્પર્ધા-સુરતનાં પાંચ ધ્યાન કેન્દ્રોના સાધકો વચ્ચે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં કુલ ૧૮ સાધક ભાઇ બહેનોએ ભાગ લીધો હતો.

તેમાં પુરુષ વિભાગમાં-શ્રી જેકીસનભાઈ સોરઠિયાને તેમજ મહિલા વિભાગમાં શ્રીમતી સુશીલાબેન કાપડીઆને પ્રથમ વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

આ બન્નેને પ.પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના મોટા મઢેલા ફોટાઓ પ.પૂ.શ્રી ના હસ્તે શિબિરમાં આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, દ્વિતીય વિજેતા-શ્રી અરુણભાઈ દેસાઇ અને દેવીલા બહેન ગજ્જરને પણ પૂ.શ્રીનાં પુસ્તકોનો સેટ ઈનામો તરીકે આપવામાં આવ્યો હતો.

સુરતનાં ધ્યાન કેન્દ્રોએ પૂ.શ્રી નો જન્મદિવસ આ રીતે ઊજવ્યો એ ખરેખર સરસ કહેવાય.



# શ્રીમદ્ ભાગવત સુધા (૩)

પ્રા. જનાર્દનભાઇ દવે

આપણે શ્રીમદ્ શબ્દ પર વિચાર પૂરો કર્યો. હવે ભાગવત શબ્દ પર વિચાર કરવાનો છે. ભગ શબ્દ પરથી ભગવાન શબ્દ આવેલ છે. ભગ છ પ્રકારના ઐશ્વર્યો છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, અને વૈરાગ્ય. આ છને ભગ કહેવાય છે. આ છ જેનામાં હોય તે ભગવાન કહેવાય છે. પણ આ છ ભગ સાધારણ પ્રકારના હોય તો ભગવાન કહેવાય નહિ. અત્યંત અસાધારણ, અલૌકિક આ છ શક્તિઓ જેનામાં પ્રકાશિત હોય તે જ ભગવાન કહેવાય છે. પરમાત્મામાં તો આ છ શક્તિઓ અપરિમિત કોટિએ હોય છે એટલે તેમને સૌ ભગવાન કહે છે પણ ભગવાન પાણિનિ, ભગવાન વેદવ્યાસ, ભગવાન શંકરાચાર્ય એમ લોકોત્તર જ્ઞાન-વૈરાગ્યાદિ સંપન્ન પણ ભગવાન કહેવાય છે.

આ ભગવાન શબ્દ પરથી ભાગવત શબ્દ બનેલ છે. भगवतः इदम् शास्त्रम् तद् भागवतम् ભગવાનનું આ શાસ્ત્ર તેથી ભાગવત એ પહેલો અર્થ થયો. ભગવાનનું મહિમાગાન તેમાં છે માટે ભાગવત. પણ એમ તો વિષ્ણુપુરાણાદિ સર્વમાં, ભગવાનનો મહિમા છે તેથી તેમને ભાગવત નથી કહેતા. વિષ્ણુપુરાણાદિમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતર વગેરે છે. પુરાણોનાં પાંચ લક્ષણો તેમાં મુખ્ય છે. જ્યારે શ્રીમદ્ ભાગવતમાં સર્ગ, વિસર્ગ, સ્થિતિ. પોષણ, ઊતિ, મન્વંતર, ઇશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય છે. પણ અહીં આશ્રય તત્ત્વ મુખ્ય છે. આ પરમાત્માપદની સિદ્ધિ માટે આગળના સર્ગ, વિસર્ગાદિ નવ છે. આશ્રય એટલે બ્રહ્મ. જેનામાં અને

જેનાથી આ જગત અને જીવોનો આભાસ એટલે પ્રતીતિ થાય છે અને પછી એ પ્રતીતિ ટળી જઈને બ્રહ્માનુભવ જ શુદ્ધરૂપે રહે છે તે બ્રહ્મતત્ત્વજ પરમાત્મા અથવા ભગવાન છે. પરંતુ આ બ્રહ્માશ્રય સિદ્ધ થવા જ સર્ગ, વિસર્ગ, સ્થિતિ વગેરે સાંભળવા સમજવા પડે છે. આમ કેવળ બ્રહ્માશ્રય જ મુખ્ય હોવાથી આ શાસ્ત્ર ભાગવત છે જ્યારે અન્ય વિષ્ણુપુરાણાદિને આ નામ અપાતું નથી.

શ્રીમદ્ ભાગવતમાં બધું જ ભગવાન છે એમ વારંવાર કહેવામાં આવેલ છે. ઉંટ, શિયાળ, ગધેડાને સુદ્ધાં ભગવદ્રૂપ માની દંડવત્ પ્રણામ કરવા એમ કહે છે. સમસ્ત પ્રાણીઓને મનથી દંડવત્ કરવા કારણ આ બધામાં જીવ કલારૂપે ભગવાન જ પ્રવેશેલા છે. આ રીતે બ્રહ્મની સર્વાત્મકતા ભાગવતમાં છે માટે તે ભાગવત છે. નારાયણ–બ્રહ્મા, નારદ, વ્યાસ, શુકદેવ–આ સૌ દ્વારા ગુરુ શિષ્ય પરંપરાના ક્રમે ભાગવત આવ્યું છે એમ નહિ પણ તે બધા પોતે નારાયણ જ છે એમ પણ ભાગવત કહે છે. આવો ભગવાનનો અનન્ય મહિમા ગાનાર શાસ્ત્ર ભાગવત છે.

પણ भगवतः अयम् એમ પણ ભાગવત શબ્દ બને છે. ભગવાનનો જ સર્વ રીતે જે છે તેવો ભક્ત પણ ભાગવત કહેવાય છે. ધ્રુવ, શુકદેવ, અંબરીષ, પ્રહ્લાદ, બલિ, વિદુર, ઉદ્ધવ અને ગોપીજનો આવા અનેક ભગવાનમય અને તેથી આપણા માટે તો ભગવદ્રૂપ બની ગયેલા સંતોનાં ચરિત્રો ભાગવતમાં છે, અને એટલે તો શ્રીમદ્ભાગવત એ પરમહંસોની સંહિતા કહેવાય છે.

ભાગવતના એક મનિષી વિદ્વાન પૂજ્ય શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજી વળી ભાગવત શબ્દની ત્રીજી વ્યાખ્યા આપે છે.



भगवान् च-भगवन्तश्च भगवन्तश्च यत्र वर्ण्यन्ते तद् भागवतम् ।
અર્થાત્ આ ગ્રંથમાં (૧) ભગવાન (૨) ભગવંતો એટલે અવતારો (૩) ભગવંતો એટલે સંતોનો મહિમા વર્ણવેલ છે. આ રીતે અહીં ભગવાનના અવતારોને પણ ઉમેરવામાં આવ્યા છે.

અથવા એક અન્ય રીતે પણ આ શાસ્ત્રને ભાગવત કહેવામાં આવે તે યોગ્ય છે. આ શાસ્ત્ર માત્ર શાસ્ત્ર નથી પણ સ્વયં ભગવાન છે. મહાત્મ્યમાં જણાવ્યા પ્રમાણે શ્રીકૃષ્ણ તિરોહિત થઇ આમાં પોતે આવિષ્ટ થયા છે. શ્રીભગવાનના બાર અંગો જ તેના બાર સ્કંધો છે એવી પ્રસિદ્ધ પરંપરા છે, માટે આને ભાગવત કહે છે. ભગવદ્રૂપ હોવાથી તે ભાગવત છે.

ભક્તિ એ તો વિભક્તમાંથી અવિભક્ત થવાનો અભ્યાસક્રમ છે.

* * *

જે પ્રથમ પોતાનામાં દેવને જુએ તેને બધે દેવ દેખાય છે.

# 'પ્રેરણામૂર્તિ શ્રીયોગીજીમહારાજ'

શાસ્ત્રી પ્રીતમપ્રસાદદાસ

જળઝીલણી એકાદશી હતી. મુંબઇમાં યોગીજી મહારાજ આ ઉત્સવ ઊજવતા. ૧૯૬૧ની સાલમાં તેઓ સંતો–ભક્ત સહિત 'ગેઇટ વે ઓફ ઇન્ડયા'ના પાષાણીમંડપ નીચે પધાર્યા. સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઠાકોરજી તથા ગણપતિ સહિત સૌ દરિયામાં વિહાર કરવાના હતા. છેલ્લે ગણપતિ વિસર્જન થવાનું હતું.

બપોરના બાર વાગ્યે યોગીજી મહારાજ પાલવા બંદર આવી પહોંચ્યા. તેઓ મોટરમાંથી ઊતરી સભા સ્થાન તરફ આવી રહ્યા હતા. સભાસ્થળેથી રાહ જોતા ભકતો એકદમ તેમને લેવા સામે ગયા. તેમાં એક હરિભક્ત મોખરે હતા. તેઓ ઉઘાડે પગે ચાલતા હતા. તેમને જોઇ યોગીજી મહારાજ પોતાના પગમાંથી લૂગડાનાં સ્લીપર કાઢી તેમને આપવા લાગ્યા અને કહે : 'ચંપલ કેમ પહેર્યાં નથી ! તડકો લાગશે. લ્યો. આ ચંપલ ''

જેમનાં દર્શન માટે દર્શનાર્થીઓ ઊમટયા હતા, પૂજન માટે સૌ પડાપડી કરતા હતા, તે મહાપુરુષની આવી કરુણાની ભાવના જોઇ સૌ દ્રવિત થઇ ગયા.

યોગીજીના નામથી ગુજરાતમાં ભાગ્યે જ કોઇક અજાણ્યું હશે ! એમની સાધુતાની સુગંધ ભારતમાં જ નહિ, પરંતુ વિદેશમાં પણ પ્રસરી ગઈ છે. એમનો ધબ્બો ખાનાર કયારેય એમને ભૂલશે નહિ. એમની હેતાળ મૂર્તિમાં રંક–રાય, અબાલવૃદ્ધ સૌને અનોખું આકર્ષણ થતું



સ્વામિનારાયણીય સંત પૂ. યોગીજી મહારાજનો જન્મસંવત ૧૯૪૮માં ધારી ગામમાં થયો હતો. સ્વભાવે શાંત, સરળ અને સમજુ. તેઓ જાણે ધરતી ઉપર ભગવાન ભજવા અને બીજાને ભજવવા આવ્યા હોય એવું લાગતું. એમનું બાળપણનું નામ ઝીણાભાઈ. નાનપણથી જ સંસાર તરફ વૈરાગ્યવૃત્તિ જોઇ તેમને કેટલાક કહેતા, 'ઝીણા, આમ વૈરાગીની જેમ રહે છે, તો સાધુ થઇ જાને ?'

'હા ભાઈ, એ પણ થઈશ' કહેતા ઝીણાભાઇ થોડું હસતા.

સત્તર વર્ષની વયે તેમણે ઘરનો ત્યાગ કર્યો. તેઓ જૂનાગઢ મંદિરમાં રહેવા લાગ્યા. ત્યાં મંદિરની ગાયો ચારવા જતા. સંતો ભકતો માટે દાતણ કાપી લાવતા, વાસીદું વાળવું તથા છાણાં થાપવાની સેવા તો ખરી જ. અપંગ સંતોની સેવા તો એમના જીવનમાં વણાઇ ગઇ હતી. બ્ર. સ્વ. શાસ્ત્રીજી મહારાજને નીકળ્યા ત્યારથી મનોમન ગુરુ કરી લીધા.

એક વાર તેઓ હજડિયાળા ગામમાં બપોરે આરામ કરતા હતા, ત્યાં એક ગરાસિયા ભક્ત આવ્યા. તેઓ જ્યોતિષશાસ્ત્રના તથા સામુદ્રિક શાસ્ત્રના સારા જાણકાર હતા. તેમની નજર ઝીણાભાઇના પગનાં તળિયાં પર પડી. તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. તરત જ તેમણે ઝીણાભાઇને કહ્યું 'તમે તો મહાન સદ્‌ગુરુ થશો, લાખો મનુષ્યો તમારી પાછળ ફરશે. તમારા પગમાં એવી રેખા છે.' ઝીણાભાઇએ તરત પગ ઢાંકી દીધા અને કહ્યું, 'એવું બોલો મા; હું તો સેવક છું. સદ્‌ગુરુ તો આ સામે સૂતેલા એ કૃષ્ણચરણસ્વામી છે.' એમ કહી ઊભા થઈ ગયા.

હવે તેઓ દીક્ષા લઇ જ્ઞાનજીવનદાસજી બન્યા. સંતો તેમને ‘ યોગી ’ કહીને બોલાવતા. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે જીવન જીવવું એ એમનું ધ્યેય હતું. શાસ્ત્રીજી મહારાજે એમને આજ્ઞા કરેલી, ‘ યોગી, તમારે ગોંડલ રહેવું. બહાર ગામથી હરિભક્તો આવે તેમને રોટલા કરી પ્રેમથી જમાડવા. આ આજ્ઞા પછી ફરી શાસ્ત્રીજી મહારાજને કયારેય એમને કહેવું પડયું નથી. તેઓ દરરોજ ચાર વાગ્યે ઊઠી જતા. તમામ રસોઈ જાતે કરતા. બપોરના બાર વાગ્યે મંદિરના દરવાજે ઊભા રહેતા. જ્યારે કોઈ અતિથિ–હરિભક્ત ન આવે ત્યારે ઉદાસ થઇ જતા.

એક વખત એક ભરવાડ ગોંડલ મંદિરે દર્શને આવી ચડ્યો. યોગીજી મહારાજના પગે પડ્યો. તેમના વાંસામાં ધબ્બો મારીને કહ્યું, ‘ કૃષ્ણ ભગવાનના વખતના છે. ભગવાનનો આશરો કરાવી દઇએ. ભલે બિચારો સુખી થાય. ’ એમ કહી હાર પહેરાવ્યો. એ ભરવાડ ત્યારથી તમામ પ્રકારનાં વ્યસનો મૂકી સત્સંગી થઈ ગયો.

તેમની દૃષ્ટિમાં બ્રહ્મનો ભાવ હતો. એક પ્રસંગે મંદિરમાં ચોરી થઈ. એક ચોરની થેલીમાંથી નવાં નકોર ત્રણ જોડી જોડા નીકળ્યા. ખિસ્સામાંથી દાગીના નીકળ્યા. કેટલાક યુવાનોએ તેને મેથીપાક ચખાડ્યો ! મારતા મારતા યોગીજી મહારાજ પાસે લઇ ગયા. અને કહ્યુંઃ ‘ બાપા, આ ચોર છે. રોજ મંદિરમાંથી વસ્તુઓ ઉઠાવી જાય છે. ’

‘ અરે ! ન બને એવું. આ કયારેય ચોરી કરે જ નહિ. આ તો મુક્ત છે ! ભગવાનના ધામનો મુક્ત ! એને મારશો નહિ. ’ યોગીજી મહારાજે યુવાનોને અટકાવ્યા.



એ ચોર સાચું બોલી ગયો, ‘ હા, મહારાજ, હું ચોર છું. મને કંઠી બાંધો. તમારા જેવા પુરુષ મેં કયારેય જોયા નથી. ’ એમ કહી ગળગળો થઇ એમના ચરણોમાં ઝૂકી પડચો. આજે એ એક આદર્શ સત્સંગી છે.

યોગીજી મહારાજે યુવકમંડળો–બાળમંડળો સ્થાપી અવળે માર્ગે જતા લોકોને દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર વગેરે પાપોમાંથી મુક્ત કર્યા. આફ્રિકા જેવા અંધારા ખંડને બ્રહ્મના પ્રકાશથી અજવાળ્યો. તેમના ઉત્તરાધિકારી પૂ. પ્રમુખસ્વામી મહારાજને સોંપી સંવત ૨૦૨૭માં તેઓશ્રી અક્ષરધામ પધાર્યા.

માણસે ઇશ્વર પર એટલો સંપૂર્ણ વિશ્વસ મૂકવો જોઈએ કે જેથી તેને દુનિયાની સહાનભૂતિની જરૂર જ ન રહે.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ઓફિસ ૩૩૬૬૦

૧૦ વર્ષે
ત્રણ ગણા
અને સાથોસાથ સુરક્ષા

સામાજિક સુરક્ષા પત્રો

● આ પત્રો રૂ. ૫૦૦ તથા ૧૦૦૦ ના મૂલ્યમાં મળી શકશે.
● પાકતી મુદતે વાર્ષિક ૧૧.૬૧ ટકા ચ.વૃ. વ્યાજ થાય છે.
● ૧૮ થી ૪૫ વર્ષની વચ્ચેની ઉંમરની કોઇપણ તંદુરસ્ત વ્યક્તિ આ યોજનાનો લાભ લઇ શકશે. આ માટે તબીબી પ્રમાણપત્રની જરૂર નથી.
● સુરક્ષાપત્ર ખરીદીથી-(૧) બે વર્ષ દરમિયાન અકસ્માતથી બિનકુદરતી મૃત્યુ થાય અથવા (૨) બે વર્ષ પૂરાં થયા બાદ કોઇપણ કારણસર મૃત્યુ થાય તો કાયદેસરના વારસદારને ત્રણ ગણી રકમ તુરતજ ચૂકવવામાં આવશે, જે કરમુક્ત રહેશે.
● રોકાણ મર્યાદા-વ્યકિતદીઠ રૂ. ૫૦૦૦ સુધી

વિશિષ્ટ સવલતો:
● વારસ નિયુક્તિની સગવડ છે.
● જરૂર પડયે ત્રણ વર્ષ બાદ વટાવી શકાય.
● ઓળખપત્રની સગવડ છે.
● રૂ. ૧,૬૫,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્તિ મળે છે.
● અન્ય માન્ય જામીનગીરીઓના રોકાણ પર રૂ. ૪,૦૦૦ ના કરકમુક્તિ વ્યાજના લાભો ઉપરાંત આ પત્રો ઉપર વધુ રૂ. ૨૦૦૦ સુધીનું વ્યાજ કરમુક્તિને પાત્ર છે.

વધુ માહિતી માટે:
નજીકની પોસ્ટ ઓફિસ; જિલ્લા કલેકટર કચેરી; નાયબ નિયામક, નાની બચત-રાજકોટ,વડોદરા, અમદાવાદ; રાષ્ટ્રીય બચત સંસ્થા, લાલ દરવાજા અમદાવાદ કે અધિકૃત એજન્ટોનો સંપર્ક સાધો.

– કમિશનર, નાની બચત અને રાજ્ય લોટરી, ગુજરાત રાજ્ય.

નાની બચતમાં નાણા વધે- નર્મદા યોજના આગળ ધપે



# નિરાકારના ઉપાસક મહાયોગી તોતાપુરી (૩)

નારાયણ હ. જાની

રામકૃષ્ણ અને તોતાપુરી—બન્નેનું વ્યકિતત્વ તદ્દન ભિન્ન પ્રકારનું તેમજ ઘણીવાર વિનોદપૂર્ણ વિરોધાભાસવાળું હતું. રામકૃષ્ણને અદ્વૈતવાદની દીક્ષા આપીને તેમની માન્યતાઓમાં પોતે ફેરફાર કરાવી શકશે એવી તોતાપુરીની ધારણા તદ્દન ખોટી પડી. નિર્વિકલ્પ સમાધિના અનુભવ પછી પણ રામકૃષ્ણની ભગવાન કૃષ્ણ અને જગદંબાની ભકિતમાં કોઇ ઓટ આવ્યો નહીં. સૂર્યાસ્તના સમયે ભગવાન કૃષ્ણના નામની ધૂન, નાચતાં નાચતાં કે તાળી પાડીને બોલવાની ટેવ છેક બાળપણથી શ્રી રામકૃષ્ણને હતી. એક દિવસ તેઓ શ્રી તોતાપુરી સાથે વાતચીત કરતા હતા, ત્યારે સંધ્યાકાળ થતાં જ પોતાની આદત મુજબ તાળી પાડી કૃષ્ણની ધૂન બોલવા માંડ્યા. આ જોઇ તોતાપુરીને નવાઇ લાગી ને એમણે કટાક્ષમાં પૂછયું કે " આ શું કરે છે ? રોટલી બનાવે છે કે શું ? રામકૃષ્ણ માત્ર હસ્યા, પરંતુ તેમની આવી અસહિષ્ણુતા માટે પાછળથી ઠપકો આપ્યો. ત્યાર પછી તોતાપુરીએ એમની ભકિતપૂર્ણ ચેષ્ટાઓનો ફરી કદી ઉપહાસ કર્યો નથી.

તોતાપુરી દરરોજ સવારે એમના લોટા તેમજ ચીપિયાને માંજીને ઉજળો કરતા. વળી તેઓ દરરોજ ખાસ્સા સમય સુધી ધ્યાન પણ કરતા. એકવાર રામકૃષ્ણે એમને પૂછયું, તમારે ધ્યાન કરવાની હવે શું જરૂર છે ? તમે તો હવે

બ્રહ્મને જાણી લીધો છે."

આ સાંભળી તોતાપુરીએ પોતાના લોટાને બતાવી કહ્યું કે એ કેવો ઉજળો છે જોયું! પણ જો એને રોજ રોજ ન માંજવામાં આવે તો એ સાવ કાળો પડી જાય ને એનો ચકચકાટ જતો રહે. માણસનું મન પણ એવું જ છે. એને રોજ ને રોજ ધ્યાન વડે જો સાફ રાખવામાં ન આવે તો એ પણ મલિન થઇ જાય."

રામકૃષ્ણે તુરત જ જવાબ આપતાં કહ્યું, "પણ ધારો કે લોટો સોનાનો બનાવીએ તો! પછી એને થોડો જ કાટ લાગવાનો કે માંજવાની જરૂર પડે!" તોતાપુરીને રામકૃષ્ણનો આ જવાબ અદ્દભુત લાગ્યો. આ પ્રકારનો વિચાર એમને કદી આવેલો જ નહિ.

તોતાપુરીની નિર્ભયતાની વાત રામકૃષ્ણ કહેતા. એક દિવસ મધ્યરાત્રિએ, ધૂણી પેટાવી તોતાપુરી ધ્યાનમાં બેસવાની તૈયારી કરતા હતા. મંદિરના ઘૂમટોમાં રહેતાં ઘુવડોના પ્રસંગોપાતના અવાજો સિવાય, આસપાસ સંપૂર્ણ નિસ્તબ્ધતા છવાયેલી હતી. પવનની નાની સરખી લહર પણ ક્યાંય ઊઠતી ન હતી. પરંતુ ત્યાં અચાનક તોતાપુરીએ જોયું કે જે ઝાડની ડાળ નીચે તેઓ બેઠેલા હતા તે હાલવા માંડી ને તેમાંથી એક પડછંદ પુરુષ ઊતરી આવ્યો. તેમની સામે એકીટશે જોતી, તે આકૃતિ ધૂણી તરફ આગળ વધી તે ત્યાં બેઠી. એ પણ એમની જેમ નગ્ન હતો. તોતાપુરીએ આ અજાણી વ્યક્તિને પૂછ્યું કે તે કોણ છે?

તેણે જવાબ આપ્યો, "હું ભગવાન શંકરનો ગણ છું ને આ પવિત્ર જગ્યાના રક્ષણ માટે આ ઝાડ ઉપર રહું છું."



આ સાંભળી તોતાપુરીને કોઇ ભય લાગ્યો નહિ. ઉલટું એમણે કહ્યું, "સારૂં, તું અને હું બંને એક જ છીએ. એક જ બ્રહ્મનાં બે ભિન્ન સ્વરૂપો. ચાલ, આપણે સાથે ધ્યાન કરીએ." પરંતુ આ સાંભળી પેલો શંકરનો ગણ ખડખડાટ હસી પડયો ને અંતરધાન થઇ ગયો! છતાં જાણે કંઇજ બન્યું ન હોય એમ તોતાપુરી ધ્યાનમાં બેસી ગયા!

બીજા દિવસે, એમણે શ્રીરામકૃષ્ણને પોતાના અનુભવની વાત કરી. શ્રી રામકૃષ્ણે કહ્યું, "હા, એ સાચું છે કે તે અહીં રહે છે. મેં મારી જાતે એને ઘણીવાર જોયો છે. કોઇકવાર તો ભવિષ્યના બનાવોની આગાહી પણ કરે છે. એકવાર એણે મને ચેતવણી આપતાં કહ્યું કે મંદિરના બગીચાની બધી જગા અંગ્રેજો કંઇ દારૂગોળાની કોઠી બાંધવા માટે ખરીદવા પ્રયત્ન કરી રહ્યા છે. એ સાંભળી મને ભય લાગ્યો કે રખે જગદંબાની અહીં પૂજા કરવાનું મારે માટે બંધ થઇ જાય! આથી મેં મથુરબાબુને વાત કરી. એમણે રાણી રાસમણિ વતી આ જગા અંગ્રેજો ન ખરીદી શકે તે માટે કોર્ટમાં દાવો માંડ્યો.

તે પછી કેટલાક સમયે ફરી એકવાર ભગવાન શંકરના એ ગણને મે ઝાડ નીચે બેઠેલો જોયો. એણે મને નિશાની કરી કહ્યું કે અંગ્રેજોની દાવામાં હાર થશે ને એમને આ જમીન નહિ મળે, અને આખરે ખરેખર બન્યું પણ એમજ."

બીજા એક પ્રસંગે, રામકૃષ્ણ અને તોતાપુરી ધુણિની પાસે સામસામે બેસી તત્ત્વજ્ઞાનની ચર્ચા કરી રહ્યા હતા. તોતાપુરી પોતાના અદ્વૈતવાદનું દૃષ્ટિબિંદુ પ્રતિપાદિત કરી કહી રહ્યા હતા કે બ્રહ્મના જાણનાર માટે કેવલ બ્રહ્મ એકજ સત્ય છે,

જ્યારે આ દુનિયા એ માયારૂપ હોઈ, એમને માટે તુચ્છ છે. એ માયાનો આવા બ્રહ્મજ્ઞાની ઉપર કોઇ પ્રભાવ કે સત્તા ચાલતી નથી. તેઓની આ વાતને રામકૃષ્ણે સ્વીકારી નહીં; કારણ કે તેઓ સારી રીતે જાણતા હતા કે આ માયા કેવી શક્તિશાળી છે!

આ પ્રમાણે વાતચીત ચાલતી હતી, ત્યાં તો મંદિરનો એક નોકર પાસે આવ્યો. તેને તેની ચલમ સળગાવવા માટે સળગતા કોલસાની જરૂર હતી. તે આ ધૂણિમાંથી લેવા જતો હતો, ત્યાં તો તોતાપુરી એકદમ ગુસ્સે થઈ ગયા. એમની દૃષ્ટિએ નોકરની ચેષ્ટા બેઅદબી ભરી તો હતી, એટલું જ નહિ પરંતુ અપવિત્રતા પૂર્ણ અથવા અગ્નિને અભડાવનારી હતી. તોતાપૂરીએ પોતાનો ચીપિયો ઉગામી એને મારવાની ધમકી આપી. નોકર તો બાપડો ગભરાઇને ભાગી ગયો, પરંતુ આ જોઈ રામકૃષ્ણ ખડખડાટ હસી પડ્યા, "અરે, કેવું શરમ જેવું! એટલી વારમાંજ ભૂલી ગયા?"

તોતાપુરીએ ગુસ્સામાં પૂછ્યું, "આટલું બધું હસો છો શા માટે? શું આ માણસ ગુસ્તાખીખોર ન હતો?"

આમ છતાં રામકૃષ્ણદેવે હસીને જવાબ આપ્યો, "અરે હા, તે માણસ તો ગુસ્તાખીખોર હતો. પરંતુ તમે તમારૂં બ્રહ્મજ્ઞાનીપણું શું એટલીવારમાં જ ભૂલી ગયા! તમે શું હમણાં કહેતા ન હતા કે એક બ્રહ્મ સિવાય આ દુનિયામાં કશું નથી અને સાચા બ્રહ્મજ્ઞાનીને માયા કદી છેતરી શકતી નથી! આમ છતાં બીજી જ ક્ષણે એ જ્ઞાન ભૂલીને, એ જ બ્રહ્મના એક સ્વરૂપને તમે ચીપિયો લઇને મારવા તૈયાર થઇ ગયા! જોઇને આ માયા! જેનો તમે તિરસ્કાર કરતા હતા



તે! તમે ધારો છો તેનાં કરતાં એ ઘણી શક્તિશાળી છે કે નહીં? માયા તો સર્વશક્તિમાન છે."

આ સાંભળી તોતાપુરી એકદમ ગંભીર બની ગયા. ને કેટલીક ક્ષણો શાંત બેસી રહ્યા. પછી બોલ્યા, "તમારૂં કહેવું તદ્દન સાચું છે. ગુસ્સાના આવેગમાં હું મારા બ્રહ્મપણામાંથી ચલિત થઈ ગયો, ક્રોધ એ ખરેખર ભયંકર વસ્તુ છે. આ ક્ષણથી જ હું એનો ત્યાગ કરવાનો સંકલ્પ કરું છું."

કહેવાય છે કે તે પછી તોતાપુરી કદી ગુસ્સે થયેલા જોવામાં આવ્યા ન હતા. કેવો શુભ સંકલ્પ ને કેવું અદ્દભૂત મનોબળ!

તોતાપુરીનો શરીરનો બાંધો ખૂબ મજબૂત હતો. એટલે એમને શારીરિક પીડા કે દુઃખનો અનુભવ ખાસ ન હતો. એવી પીડાના પરિણામે મન ધ્યાનમાં લાગી શકતું નથી, એ વાતથી તેઓ અજ્ઞાત હતા. પરંતુ હવે બંગાળના હવામાન અને પાણીની અસર એમના ઉપર થવા લાગી. એના પરિણામે એમને ભારે મરડો થઇ આવ્યો ને ઝાડામાં લોહી પડવા માંડ્યું. રોગની શરૂઆત થતાં જ એમણે અહીંથી ચાલ્યા જવા વિચાર્યું. પરંતુ રામકૃષ્ણને તેઓ હવે ખૂબ ચાહતા હોવાથી, એમનાથી છૂટા પડવાનું ગમતું ન હતું. એમણે કેટલીય વાર અહીંથી ચાલ્યા જવાનું ને રામકૃષ્ણની રજા લેવાનો સંકલ્પ કર્યો. પરંતુ જેવા તેઓ બન્ને મળતા કે ઈશ્વર વિષેની વાતચીતમાં એવા ડૂબી જતા ને જવાનું કહેવાનું રહી જતું. મરડાના આ રોગને લીધે, દિનપ્રતિદિન તોતાપુરીનું શરીર એકધારૂં નબળું પડવા લાગ્યું. રામકૃષ્ણ મથુરબાબુ મારફત આ મરડાની દવા તોતાપુરી માટે

મંગાવતા, પણ તેની કોઇ અસર થતી નહિ,

તોતાપુરીએ હંમેશાં શરીરની ઉપેક્ષા કરી હતી. વળી તેઓ માનતા કે બ્રહ્મ સાથેના અનુસંધાનમાં જો શરીર બાધારૂપ જણાય, તો એનો તુરતજ ત્યાગ કરી દેવો જોઇએ.

હવે એક રાત્રે તેઓ પંચવટીમાં એકલા હતા, ત્યારે તેમને પેટમાં એવું દર્દ થવા લાગ્યું કે તેઓ ધ્યાનમાં બેસી શક્યા નહિ. આથી એમને એમના શરીર પર તિરસ્કાર આવી ગયો. એમણે વિચાર્યું "મારે હવે આ બાધારૂપ અર્થહીન શરીરની આવશ્યકતા નથી. આવા શરીરને ધારણ કરી રાખી દુઃખ સહન કરવાનો શો અર્થ? હું એને ગંગામાં વહાવી દઇશ."

ક્રિસ્ટોફર ઇશરવુડે અહીં હિંદુ અને ખ્રિસ્તી ધર્મોમાં આત્મઘાત વિષે પ્રવર્તતી સમાન માન્યતાઓનો ઉલ્લેખ કર્યો છે. ખ્રિસ્તીધર્મની જેમ હિંદુધર્મમાં પણ આપઘાતને નીંદવામાં આવ્યો છે. હિંદુ ધર્મ અનુસાર, માનવ શરીરને પરબ્રહ્મ પરમાત્માને પામવારૂપી ઉચ્ચત્તમ ધ્યેયની પ્રાપ્તિના પરમ સાધનરૂપ ગણવામાં આવ્યું છે. અનેક હલકી કે ઉતરતી કોટિની યોનિઓમાંથી પસાર થયા પછી મનુષ્યદેહ પ્રાપ્ત થાય છે. સંત તુલસીદાસજીએ પણ કહ્યું છે. "બડે ભાગ મનુષતન પાવા" ઘણા પુણ્યો પછી જીવને મનુષ્ય શરીર મળે છે; અને એટલેજ એમણે એને "સાધનધામ" કહ્યું છે, એ શરીરમાં રહીનેજ ઈશ્વરપ્રાપ્તિની સાધના થઈ શકે છે, એટલે મનુષ્ય શરીર રૂપી આવી તકને હાથે કરીને ખોઇ નાંખવી એનો અર્થ એજ થયો કે તમારા આત્મવિકાસની શકયતાને તમેજ નિષ્ફળ બનાવી. વળી આવા કૃત્યનાં ઘણાં



ભયંકર પરિણામો પણ આવે. એનાથી તમારો જન્મ કોઈ હલકી કોટિમાં પણ થાય અગર તો તમારે ઘણા વર્ષો સુધી કોઇ પ્રકારની ઇશ્વરથી વિમુખ રાખતી અવસ્થામાં રહેવું પડે.

પરંતુ એકવાર, બ્રહ્મની પ્રાપ્તિ કે આત્મસાક્ષાત્કાર થઇ ગયો, એટલે મનુષ્ય શરીર ધારણનો હેતુ પૂર્ણ થઇ ગયો લેખાય. તોતાપુરી જેવા બ્રહ્મજ્ઞાની જો શરીરનો ત્યાગ આ રીતે કરે તો તે બીજાઓના જેવું હીન કૃત્ય ન ગણી શકાય.

દક્ષિણેશ્વર આગળની ગંગાનો તટ તો ઘણો પહોળો છે. તોતાપુરી પોતાના મનને પરબ્રહ્મમાં જોડી, ગંગાના વહેણમાં ચાલવા લાગ્યા. પરંતુ એ ડૂબે એટલું પાણી કયાંય આવ્યું નહિ. ઘણાં વર્ષો પછી આ પ્રસંગ વિષે બોલતાં રામકૃષ્ણે કહ્યું કે તોતાપુરી ઘાટની બાજુના છીછરા પાણીવાળા કિનારે કિનારે કદાચ ચાલ્યા હોય એવો સંભવ ખરો. પરંતુ જ્યારે તેમણે થોડા સમય પછી અંધારામાં ઘરો અને વૃક્ષો જોયાં ત્યારે એમને થયું કે ગંગાનદી તો હું લગભગ પાર કરી ગયો છતાં આજે એમાં આ શરીરને ડૂબાડવા જેટલું પાણી પણ નથી. એ વિચારની સાથેજ એમના અંતરમાં જ્ઞાનનો ઝબકારો થયો. હવે એમને માયાની શક્તિની પ્રતીતિ થઇ. "જગદંબા ખરેખર સર્વશકિતમાન છે. એની ઇચ્છા વિના આ શરીરનો ત્યાગેય થઈ શકે એમ નથી."

આ સ્ફુરણા થયા પછી, જીવનમાં પહેલી જ વાર એમનું હૃદય જગદંબા પ્રત્યેના પ્રેમભાવથી ઊભરાવા લાગ્યું. તેઓ ધીરે ધીરે ગંગા પાર કરીને પાછા દક્ષિણેશ્વર આવી ગયા ને પંચવટીમાં પોતાની ધૂણી પાસે બેઠા.

બીજી સવારે જ્યારે રામકૃષ્ણ એમને મળવા આવ્યા ત્યારે

એમને તોતાપુરીમાં ભારે પરિવર્તન લાગ્યું. તેઓ સુખપૂર્વક હસી રહ્યા હતા અને તેમની મહિનાઓ જૂની માંદગી જાણે કે સદંતર દૂર થઇ ગઈ હતી ! એમણે રામકૃષ્ણને પોતાની પાસે બેસવાનો ઇસારો કર્યો. પછી કહેવા માંડ્યા. " આ રોગે મારે માટે મિત્ર તરીકેનું કામ કર્યું છે. અરે, આટલાં બધાં વર્ષ હું કેવો અજ્ઞાની હતો ! આટલું બોલ્યા ત્યાં તો નોબત ખાનામાંથી સવારની આરતીના પ્રારંભ પહેલાંના સંગીતના સૂરો વહેવા માંડ્યા. તેઓ ઊઠી ઊભા થયા ને શ્રી રામકૃષ્ણની સાથે પહેલીજ વાર કાળી માતાના મંદિરમાં દર્શન માટે ગયા અને માતાની મૂર્તિ સમક્ષ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

તોતાપુરીને હવે ખાત્રી થઇ કે એમને દક્ષિણેશ્વર લાવવામાં જગદંબાનો જે બેવડો હેતુ હતો તે સિદ્ધ થઈ ગયો છે. તે પછી થોડા દિવસો કેડે એમણે રામકૃષ્ણની રજા લીધી અને લુધિયાણા તરફ ચાલવા માંડયું. કેવળ ત્રણ રાત રોકાવાના સંકલ્પને બદલે તેઓ દક્ષિણેશ્વરમાં પુરા અગિયાર મહિના રોકાયા. તે પછી, તેઓ કદી દક્ષિણેશ્વર પાછા આવ્યા નહિ.

તોતાપુરી જો રામકૃષ્ણદેવને ન મળ્યા હોત, તો દુનિયાએ કદાચ એમનું નામ પણ સાંભળ્યું ન હોત, એવું બનત. એમના જેના સમર્થ મહાયોગીઓ ભારતમાં ગુપ્ત રીતે કેટલા વિચરતા હશે, તે કોણ કહી શકે ! જગદંબા શ્રી રામકૃષ્ણ દેવને આધ્યાત્મિક અનુભૂતિઓના પરિપૂર્ણતા માટે નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિ કરાવવા જ તોતાપુરીને દક્ષિણેશ્વર લઇ આવ્યાં. સાથે સાથે તોતાપુરી જેવા એક મહાન નિર્વિકલ્પ સમાધિનિષ્ઠ પુરુષનો–જગદંબાની શકિતનો ને સાકાર



ઉપાસનાના અનુભવ વિના, આધ્યાત્મિક વિકાસ અધૂરો રહી જાત. તે રામકૃષ્ણ જેવા મહાન ભકત સિવાય કોણ પૂરો કરાવી શકત ! એટલે એ પરમ ચિન્મયી શક્તિ જે સાકાર અને નિરાકાર સ્વરૂપે-સર્વત્ર વ્યાપક છે–તેની કરૂણા કેવી અદ્‌ભુત હોય છે, તેનું દર્શન રામકૃષ્ણ અને તોતાપુરીના–પરસ્પરના મિલનમાં એણે જ આપણને કરાવ્યું છે એમ કહી શકીએ. એટલે એ પણ આપણા ઉપર કરૂણા કરે અને એની સર્વસમર્થ માયામાંથી આપણને મુક્તિ અપાવે–એજ પ્રાર્થના. એનાં ચરણોમાં લાખ લાખ વંદન.

શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડ જેવા પાશ્ચમની ભૌતિક સમૃદ્ધિ વચ્ચે જન્મેલા, ત્યાંના સંસ્કાર ને ઉછેર પામેલા, છતાં કોઈ પણ ભારતીય કરતાં વધુ શ્રદ્ધા પ્રેમ ને ભકિતવાળા સાધકે રામકૃષ્ણદેવની જે કથા લખી છે તે ખરેખર અદ્‌ભુત છે. પ્રભુની કૃપા સિવાય આવું કામ કોણ કરી શકે ! આપણા તેમને પણ વંદન હો !

(ક્રિસ્ટોફર ઇશનવુડના 'રામકૃષ્ણ
અને એમના ભકતો' આધારે)

# મહાયોગી અરવિંદની અમરકૃતિ સાવિત્રી—

(ગતાંકથી ચાલુ)

આશા ત્રિવેદી

યુગોથી જગત એક નિત્ય સુખ માટે શ્રમ કરતું આવ્યું છે, પણ એમાં એને શાશ્વત સફળતા ન મળવા પાછળનું કારણ એક મહા અનિષ્ટ તત્ત્વ કે જે જીવનના મૂળમાં ક્યાંક છૂપાયેલું રહ્યું છે. આ તત્ત્વ છે આસુરી સ્વરૂપનું. દુર્ભાગ્યનો દુઃખદ અંત આમાં રહેલો હોય છે, આ તત્ત્વની અંદર એક વિરોધી અને વિકૃતિને જન્મ આપનારું મન રહેલું હોય છે, અને એ ગુપ્ત રીતે કાર્ય કરતું હોય છે.

આ તત્ત્વનું મુખ્ય કામ સત્યને ભ્રષ્ટ કરવાનું, જ્ઞાનના શ્વેત પ્રકાશમાં શંકાનો કાળો કીડો જન્માવવાનું, દિવ્ય દર્શનની આડે આવવાનું, પ્રેમને દ્વેષમાં અને જ્યોતિને અંધકારમાં ફેરવી દેવાનું હોય છે અદૃશ્ય રહીને એ પોતાનું વિનાશક કામ કર્યા જ કરતું હોય છે, અને જગત વર્તુળને જોખમ યુક્ત બનાવી દે છે. આ આસુરી તત્ત્વ ત્રણ બાબતના આકર્ષણથી લપેટાયેલું હોય છે. સત્તા, સંપત્તિ અને કામ-વાસના. આ કામવાસનાના સૈનિકો માનવના ઘોર પતન માટેની કાળી યોજના કરતા જ રહેતા હોય છે. અહીં બધાં-ની આસપાસ આ આસુરી તત્ત્વોનો ઘેરો ઘલાયેલો જ હોય છે. પણ કોઈનેય પોતાનું પતન લાવનારાં આ બળનું ભાન હોતું નથી.

અશ્વપતિને માટે આ પ્રદેશ ઘોર મધરાત જેવો હતો.



આ રાજ્ય પૃથ્વીલોક અને પાતાળની ખાઇ પર આવેલું હતું. વિપરીત માયાવી બળો ત્યાં વસતાં હતાં, ક્યારે, ક્યાં-થી અને કેવી રીતે અચાનક હુમલો થશે, એની ખબર પડવી કઠિન હતી. ઠગવા માટે જ્ઞાન અને મારવા માટે પુણ્યનો ઉપયોગ અહીં થતો. સત્યને અહીંથી દેશવટો અપાયો હતો. ત્યાંનું જગત અહંકાર અને અસત્ય તરફ વળેલું હતું. બળ, સ્વાર્થ, લોભ, લાલસા ત્યાં બેફામ વર્તતાં હતાં. સ્વતંત્રતા ત્યાં હણાઈ ગયેલી હતી અને સ્વચ્છંદતાનો ઉદ્ધત રાસ ખેલાતો હતો. અન્યાયને ત્યાં ન્યાય ગણવામાં આવતો. જેમણે પોતાના હૃદયમાં પ્રભુને રાખ્યા હોય તેઓ જ અહીં સલા-મત રહી શકતા. સત્વર સામો ઘા કરવા સાવચેતીપૂર્વક તૈયાર રહેવું પડતું.

અશ્વપતિ હવે વધારે ખરાબ ઢાળ તરફ ગયો. પ્રભુ, પરમ સત્ય, પરાત્પર પ્રકાશ ત્યાં કદી હતાં જ નહિ. ત્યાં આસુરી બળોના મોટા મહેલો હતા. નીચ લાલસાઓના ઘૃણાજનક કાર્યો રમણે ચડ્યાં હતાં. મલિનતા, દુર્ગન્ધ, પાશવી આવેગો ત્યાં ચકરાવો લેતાં હતાં. રાત્રિના હૃદયનું અર્થાત્ તમસનું નર્યું નગ્ન સ્વરૂપ ત્યાં પ્રગટ થતું હતું. દિવ્યથી વિરુદ્ધની ત્યાં આરાધના થતી. અંતરાત્માની દૃષ્ટિ સતત જાગ્રત ન હોય તો ભલભલા ભોળવાઇ જાય અને ક્રૂર બળોના ભોગ બની જાય.

અશ્વપતિને આ રાજ્યના ઉંડા રહસ્યને જોવાની ઇચ્છા થઈ. (ક્રમશઃ)

# રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રી. યોગેશ્વરજી

[ શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામ કથા ]

લક્ષ્મણ બોલી ઊઠ્યો : ‘ એમને રામના સામર્થ્યની કસોટી કરવાની કામના હોય તો રઘુવંશી રામ એવી કસોટીથી નથી ડરતા, એ એમને પોતાના પરાક્રમનો સ્વાદ ચખાડશે. યુદ્ધમાં પીઠ ના બતાવવી અથવા પરાક્રમનો પરચો બતાવવો એ તો ક્ષત્રિયોનો ધર્મ છે. એ ધર્મના પાલનમાં એ કાળથી પણ નથી ડરતા. પરંતુ મને ભાર્ગવ કુલોત્પન્ન પરશુરામનો વેશ અને વ્યાપાર જોઈને આશ્ચર્ય થાય છે. તપસ્વી, યોગી કે જ્ઞાની કહેવાતા ઋષિ શ્રેષ્ઠના મનમાં પરમાત્માના સાક્ષાત્કારની ઇચ્છાનો ઉદય થવાને બદલે બીજાના બળનો મુકાબલો કરવાની લાલસા પેદા થઈ છે. એ ખરેખર નવાઈ જેવું છે. કે પછી રામે રમત માત્રમાં ધનુષ્યનો ભંગ કર્યો ને રઘુકુળને અક્ષય યશ ધર્યો એ જોઈને એમની છાતીમાં દાહ પેદા થયો છે ? ’

પરશુરામ લક્ષ્મણ તરફ ભારે કરડાકીથી જોઈ રહ્યા ને બોલ્યા ‘ લક્ષ્મણની જીભ જરા ઝડપથી ચાલે છે પરંતુ બાળક જાણીને એને કશો ઉત્તર આપવાનું ઉચિત નથી માનતો. છતાં પણ જો એ આમ ને આમ વધારે બોલ્યા કરશે તો મારે એને દંડ દેવો પડશે.’

‘ તમે તો બધાને દંડ જ દેવા નીકળ્યા છો ને ? દંડ વગર તમને બીજું સૂઝે છે શું ? તમારે દંડ દેવો હોય તો હું આ ઉભો રહ્યો. તમારી સામે જ છું. પરંતુ દંડ દેતાં પહેલાં દંડના ભાગી ના બનાય તેનું ધ્યાન રાખજો. બ્રાહ્મણે અને એ પણ એક બ્રહ્મ



જ્ઞાની મનાતા ઋષિએ બીજાને દંડ દેવાનો ધર્મ કયારથી અપનાવ્યો અને કયા શાસ્ત્રના આદેશથી અપનાવ્યો તેની સમજ મને નથી પડતી. ”

મહર્ષિ વિશ્વામિત્રે, રાજા જનકે ને રામે લક્ષ્મણને શાંત રહેવાનો સંકેત કર્યો એટલે લક્ષ્મણ આગળ ના બોલ્યો.

ઉર્મિલા લક્ષ્મણના શબ્દોને વ્યગ્રચિત્તે સાંભળી રહી.

લક્ષ્મણની નીડરતા જોઇને એ રાજી થઈ પરંતુ એને લાગ્યું કે પરશુરામ જેવા વીર પુરુષને વધારે ને વધારે કુપિત કરવાને બદલે મૌન સેવવું વધારે હિતાવહ છે.

સીતાને પણ લાગ્યું કે પરશુરામ જો વધારે કુપિત થશે તો પરિસ્થિતિ બગડી જશે, અને રંગમાં ભંગ પડશે.

એના મુખપર પણ ચિંતા ફરી વળી

પરશુરામ લક્ષ્મણ તરફ તાકી રહેલા. એમને ઉદ્દેશીને રામ કહેવા માંડ્યા : ‘ લક્ષ્મણનાં વચનને ગંભીરતાથી ગ્રહણ ના કરતા. એનો સ્વભાવ થોડોક ચંચળ છે. એ સ્વભાવને અનુલક્ષીને જ એ મારા પરના પ્રખર પ્રેમને લીધે એવું બધું બોલ્યા કરે છે. મારી કસોટી કરવાની કે મારા પરાક્રમનો પરચો જોવાની આકાંક્ષા તમે પ્રકટ કરી છે તેથી મને સહેજ પણ પ્રસન્નતા નથી થતી. સાચું કહું તો એથી મને ખેદ જ થઈ રહ્યો છે. તમે તો મારા વડીલ છો, ગુરુજન છો, પૂજ્ય છો, ને તમારી આગળ હું તો માત્ર શિશુ છું. હું તમારા જેવા પ્રતાપી મહાપુરુષને મારા પરાક્રમનો પરચો કેવી રીતે બતાવું તથા તમારી કસોટીમાંથી પાર પણ કેવી રીતે ઉતરી શકું ? મારી કસોટી કરવાનું કારણ જ કયાં છે ?

પરશુરામની સ્થિતિ વિચિત્ર બની ગઇ.

લક્ષ્મણના શબ્દોથી ઉત્તેજીત થયેલું તથા રોષે ભરાયલું એમનું

મન રામના સરળ સુમધુર, સુધામય શબ્દોથી શાંત બની ગયું. પોતાના રોષને થોડોક ઠંડો કરીને એ બોલ્યા : 'તમારા નમ્ર ને સરળ શબ્દોને સાંભળીને મારો પ્રાણ પ્રસન્ન થાય છે. છતાં પણ તમારા બળની કસોટી કરવાનો વિચાર હું નથી છોડી શકતો. સ્વયંવરમાં તમે તોડેલું ધનુષ્ય કોઈ સાધારણ ધનુષ્ય ન હતું, એટલે તમારી શક્તિ પણ કાંઈ સાધારણ તો નહિ જ હોય. એ ધનુષ્યનો ઈતિહાસ તમે જાણતા જ હશો.'

'ના હું એ ઈતિહાસથી એકદમ અનભિજ્ઞ છું.

'મહર્ષિ વિશ્વામિત્ર તથા રાજા જનક એ ઈતિહાસને સારી પેઠે જાણે છે. છતાં પણ એ ઈતિહાસ એમણે તમને નહિ કહ્યો હોય. એ ધનુષ્યનો મહિમા ઘણો મોટો છે. વિશ્વકર્માએ બે શ્રેષ્ઠ ને દિવ્ય ધનુષ્ય બનાવેલાં. એ અત્યંત પ્રબળ હોવાથી સમસ્ત સંસાર એમને સન્માનની નજરે જોયા કરતો. એ ધનુષ્યમાંથી એકને ત્રિપુરાસુર સાથે યુદ્ધ કરવામાટે દેવતાઓએ ભગવાન્ શંકરને અર્પણ કરેલું. ભગવાન શંકરે ત્રિપુરાસુરનો નાશ કર્યા પછી એ ધનુષ્ય બાણ સાથે રાજર્ષિ દેવરાતને આપી દીધેલું. દેવરાત જનકના પૂર્વજ હોવાથી એ ધનુષ્ય કાળક્રમે જનકને પ્રાપ્ત થયું અને એને એમણે પોતાની સુપુત્રી સીતાના સ્વયંવર માટે નક્કી કર્યું.'

'અને વિશ્વકર્માએ બનાવેલું બીજું ધનુષ્ય ? એનું શું થયું ? એનો ઇતિહાસ જાણવાની પણ મારી ઈચ્છા છે.'

એ ધનુષ્યનો ઈતિહાસ પણ રોચક છે અને જાણવા જેવો છે. એ બીજું ધનુષ્ય દેવતાઓએ ભગવાન વિષ્ણુને સુપ્રત કરેલું. એ પછી ભગવાન વિષ્ણુદ્વારા એ ધનુષ્યને ભૃગુવંશી ઋચીક મુનિને ત્યાં રાખવામાં આવ્યું. એવી રીતે એ દૈવી ને પ્રતાપી ધનુષ્ય એ પરંપરાગત રીતે મારા પૂર્વજોના અધિકારમાં રહેતું આવ્યું છે. એ ધનુષ્ય



અત્યારે મારા હાથમાં શોભી રહ્યું છે. તે જ છે. મારી ઈચ્છા છે કે તમે એને ઉપાડીને એના પર શરસંધાન કરો. એમ કરવાથી તમારા સામર્થ્યનો પરિચય મળી રહેશે. તમે જો એના પર શરસંધાન કરી શકશો તો મારે તમારી સાથે યુદ્ધમાં ઉતરવું પડશે.

સીતા અને ઉર્મિલાને પરશુરામના એ શબ્દો ભારે કઠોર અને દુઃખદ લાગ્યા.

રાવણ જેવા રાજાઓ એ શબ્દોથી પ્રસન્ન થયા. પરંતુ પરશુરામે એ બધાને ચાલ્યા જવાની આજ્ઞા કરી એટલે ક્રમેક્રમે ભયના માર્યા પલાયન થયા.

મહર્ષિ વિશ્વામિત્રે અને જનકે વારંવાર વિનવણી કરી છતાં પરશુરામ ના માન્યા અને પોતાના આગ્રહને વળગી રહ્યા. ત્યારે લક્ષ્મણે કહ્યું : 'વીર પુરુષો કદી અનુનય કે વિનય નથી કરતા પરંતુ પોતાના પરાક્રમનો પરચો બતાવવાજ તૈયાર રહે છે. એમને એવો પરચો જોવોજ હોય તો આપણને એ બતાવવાની હરકત પણ ક્યાં છે?

લક્ષ્મણનાં વચનો ઉર્મિલાને ગમ્યાં તો ખરાં, પરંતુ એને એમાં કશાક અમંગલની આશંકા લાગી. એટલે એ બોલી : પરાક્રમનો પરચો જોવાનો આગ્રહ મુનિ પ્રવર પરશુગામ જો પડતો મૂકે તો સારું.' રામે કહ્યું : 'તમારી આટલી બધી ઉત્કટ ઈચ્છા છે તો હું તમને પરચો બતાવીશ. રઘુવંશીઓ એવો પરચો બતાવવામાં પાછા નથી પડતા. મહર્ષિ વિશ્વામિત્રની મારા પર કૃપાદૃષ્ટિ છે પછી મારે શેની ભીતિ છે ? એમના કૃપા પ્રસાદથી હું જરૂર સફળ થઈશ.'

એટલું કહીને રામે પરશુરામના હાથમાંથી ધનુષ્ય લઈ લીધું અને એના પર જોત જોતામાં બાણ ચઢાવી દીધું.

બાણને ચઢાવીને એ બોલ્યા : 'મુનિ શ્રેષ્ઠ ! તમે બ્રહ્મર્ષિ હોવાથી મારા પૂજ્ય છો એટલે આ પ્રાણનાશક બાણને તમારા શરીર પર નથી છોડતો, પરંતુ તમોને ઇચ્છાનુસાર ગતિ કરવાની શક્તિ મળી છે તે શક્તિનો નાશ કરી દઉં અને એવી રીતે મારા પરાક્રમનો વધારે પરચો બતાવી આપું.'

પરશુરામ તો રામનું પરાક્રમ જોઇને ઠરી જ ગયા.

એ નમ્રતાપૂર્વક બોલ્યા : 'મારી ઇચ્છાનુસાર ગતિ કરવાની શક્તિનો નાશ ના કરશો. એ શક્તિ વગર હું અપંગ બની જઇશ. તમે આ ધનુષ્યને ચઢાવી દીધું તેથી મને ખાતરી થઈ કે તમે કોઇ સાધારણ પુરુષ નથી જ. તમારો મુકાબલો યુદ્ધમાં કોઈનાથી નથી કરી શકાય તેમ. તમારે હાથે હારવું પડયું તેનો મને લગારે અફસોસ નથી થતો, કારણ કે તમે અત્યંત મહાન છો, ત્રિલોકના નાથ છો, અથવા અંશાવતાર છો. મેં તમારી સાથે કરેલા કઠોર વર્તન માટે હું તમારી ક્ષમા માગું છું. હવે હું તમને બરાબર ઓળખી શક્યો.

એ પછી રામે પરશુરામની ઇચ્છાથી એમણે તપદ્વારા મેળવેલા દૈવી લોકોથી એમને બાણ છોડીને વંચિત કર્યા.

( ક્રમશઃ )



# માતાનો મહિમા

મમતાળુ સંસારે સઘળાં, વધુ મમતાળુ માતા,
નિર્મળતાની પ્રતિમા દેવી સ્વર્ગતણી સદ્ય સ્નાતા.

પ્રેમાળ અસંખ્ય જગતમાં પણ પ્રેમાળ વધારે માતા,
પ્રેમ જ જાણે અવતીર્ણ થયો રચવા પ્રીતતણી ગાથા.

કરુણાર્દ્ર ધરાતલ પર કૈંયે, કરુણાર્દ્ર વધારે માતા,
કરુણા પોતે પ્રગટી રૂપ ધરી એનું જીવન દાતા.

મધુતાથી મહેલ મનનાં કૈંયે મધુર અધિક પણ માતા,
મધુતા પોતે પ્રત્યક્ષ થઈ મધપુડે મઢીને કાયા.

સંકટ સહે અન્યને માટે સુખને ત્યાગે માતા,
ધરતી કરતાંયે વધારે સહે એ સાક્ષાત તિતિક્ષા.

સૌંદર્ય શીલ રસ પૂર્ણ સર્જને પદાર્થ દિવ્ય અનેરા,
અપૂર્ણ દીસે નીરસ લાગે હોય નહીં જો માતા.

—યોગેશ્વરજી

## એના એ!

ફરી ફરી સમજાવું મનવા! તોય તમે તો એના એ!
પથ્થર ઉપર પાણી જાણે! ધૂળ ઉપરનું લીંપણ કે?
એકવાર દળેલું પાછું ફરી ફરી દળવાનું કે?
બેલ ઘાંચીના લખચોર્યાસી ચકકરમાં ફરવાનું ને?

દાધા-રંગી આવા કયાંથી? ગોળ-ખોળની સમજ નહીં,
પથ્થર સાટે પારસમણિના સોદાના કરનાર સહી,
જાણો છો જંજાળ છતાંયે માયાનો વિસ્તાર કરો!
સ્વયં રચેલા કારાગારે નિજને બંદીવાન કરો.

સ્થાણુને પકડીને નિજને પકડાયાની પોક મૂકો!
પૂરવમાં જાવાનું ચૂકી પશ્ચિમગમ સહેજે ઝૂકો.
ના ગન્તવ્યે ના, પ્રાપ્તવ્યે, સૂઝ-સમજ વિવેક સહી,
મતિ તમારી, ગતિ તમારી, ભવભવ એની એ જ રહી!

શોચ, સમજ, ઉઠ, જાગ, મુક્ત મન! અસલ સ્વરૂપને યાદ કરો,
ચર્મ-દૃષ્ટિનો ત્યાગ કરીને તપ-ચૈતન્યે જીવન ભરો.
પ્રકાશ-પુંજે જન્માન્તરનાં ઘન અંધારાં દૂર કરો,
અતંદ્ર જાગર્તિને સેવી ब्रह्माऽस्मि ને સાર્થ કરો.

ડા. રણજિત પટેલ (अनामी)



## વિજ્ઞાન અને સંતો

શ્રી ઈશ્વરભાઇ ભકત

આજે વિજ્ઞાનની બોલબાલા છે. વિજ્ઞાનની પ્રગતિને કારણે સર્વ ક્ષેત્રોમાં પરિવર્તન ઝડપી બન્યું છે. વિજ્ઞાનના પરિમાણમાં સહુ કોઈ વિશ્વાસ ધરાવે તે ઈચ્છનીય પણ છે. તે દૃષ્ટિએ, લોકોએ વિજ્ઞાનયાત્રાનું સ્વાગત કર્યું છે તે શુભ નિશાની છે. દક્ષિણ ભારતથી વિજ્ઞાનયાત્રાનો પ્રારંભ થયેલો અને મહારાષ્ટ્રને આવરી લેતી ઠેઠ ગુજરાત ને સારાષ્ટ્રના દરિયા કાંઠે પહોંચી ગઇ. યોગને નામે જે ધતિંગ ચાલે છે, ચમત્કારોને નામે જે ધૂર્તલીલા ચાલે છે તે આવી યાત્રાથી જરૂર અટકશે એવી પ્રતીતિ થાય છે. અંધશ્રદ્ધા, વહેમ અને અજ્ઞાનતા જેમ જલદી વિદાય થશે તેમ સમગ્ર દેશને સર્વાંશે ફાયદો જ છે. તેથી આવી વિજ્ઞાનયાત્રાનું મહત્ત્વ કોઇ પણ પ્રબુદ્ધ આત્મા સ્વીકાર્યા વિના રહેશે નહિ.

જ્યાં જ્યાં વિજ્ઞાનયાત્રાની કૂચ જતી હતી ત્યાં ત્યાં ઉમળકાભેર લોકો એકત્રિત થતા હતા. ચમત્કારોના જાહેરમાં પ્રયોગો કરી બતાવવામાં આવતા હતા. ચમત્કારોમાં દૈવી તત્ત્વ જેવું કંઇ જ નથી, જે છે તે તો માત્ર હાથચાલાકી છે, એવું સ્પષ્ટ પ્રદાશત કરવામાં આવતું હતું. પ્રયોગોના પ્રદર્શન પછી ભાષણબાજી ચાલતી. ભાષણબાજીમાં એકાંગી વાત ખાસ કરીને રજૂ કરવામાં આવતી. ધર્મ, ઇશ્વર ને સંતો તરફ અવિશ્વાસ પેદા થાય તેવું ભારપૂર્વક પીરસવામાં આવતું. ધર્મ એક ઘેલછા છે, ઇશ્વર જેવી કોઇ વસ્તુ નથી, સંતો તો ધૂર્તવિદ્યાના સર્જક છે એવી પ્રચારાત્મક વાતો-

માં વિવેકનો સદંતર અભાવ વર્તાતો હતો. કોઇ પણ વૈજ્ઞાનિક રસ ધરાવતી વ્યક્તિને એ વાતો હૃદયમાં કાંટાની જેમ કઠતી હતી.

રજૂ કરવામાં આવેલી વાતોમાં વૈજ્ઞાનિકતા કેટલી એ એક સમસ્યા છે. અહીં જ વિચારશીલ વ્યકિતઓએ સચેત અને સાવધાન બની જવાની ખાસ જરૂર છે. એક પ્રકારનો વહેમ દૂર કરવા જતાં બીજા પ્રકારનો વહેમ ઘર કરી ન બેસે તે અંગે ધ્યાન આપવાની અનિવાર્ય આવશ્યકતા છે. ઇશ્વરને વહેમ ગણનાર ને તેનો વ્યવસ્થિત પ્રચાર કરનાર જાણે 'ઇશ્વર નથી' એવો એક બીજો વહેમ પ્રજા માનસમાં ઠોકી બેસાડવા માંગતો હોય તેવું લખાતું હતું. 'ઇશ્વર' કે પરમાત્મા' જો એક વહેમ હોય તો 'ઈશ્વર નથી' એ પણ વહેમ ગણાવો જોઇએ.

ઇશ્વર છે કે નથી એવું સિધ્ધ કરવાથી વિશેષ ફાયદો થશે નહિ. કારણ કે તે ઇન્દ્રિયગોચર પણ નથી. તે માત્ર અનુભવનો વિષય જ બને છે. તેથી તે અંગેની તર્ક લીલા નકામી છે. વૈજ્ઞાનિક વિચારસરણીનો વિનિયોગ કરી પ્રચલિત ચમત્કારોમાં દૈવી અંશ નથી પરંતુ હાથ ચાલાકી જ છે. તેવું સત્ય લોક સમુદાયને પ્રતીત કરાવવું તે એક વાત છે અને સંતો ખોટા છે કે ઇશ્વર નથી એવું ચમત્કારોના પ્રયોગો બતાવી સિદ્ધ કરવા મથવું તે બીજી જ વાત છે. ધૂર્તલીલા કરનારા પાખંડી સાધુઓને ખુલ્લા પાડવાથી સમાજની મૂલ્યવાન સેવા થાય છે. પરંતુ સંતો પ્રત્યે અવિશ્વાસને અણગમો વધે તેવા ભાષણો કરવાથી દેશની કુસેવા થાય છે. હાથચાલાકીના પ્રયોગો બતાવી ઈશ્વર નથી એવું સિદ્ધ કરવાનો પ્રયાસ હાસ્યાસ્પદ છે તેવા અવૈજ્ઞાનિક પ્રયાસો પ્રજાને ગેરરસ્તે દોરે છે. વિજ્ઞાનયાત્રાની ભાષણબાજીમાં અસહિષ્ણુતા,



અનુદારતા અને અવિવેક વ્યકત કરી ભાષણકર્તાઓએ યાત્રાને અસફળ બનાવી ગણાય.

એક વ્યકિતએ એક સુંદર મંદિર જોયું. મંદિર જો સ્થાપત્યની દૃષ્ટિએ ઉત્તમોત્તમ હોય, કલાકારીગીરીના નમૂનારૂપ હોય તો કલારસિકને તે અવશ્ય ગમવાનું જ છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિના સિદ્ધાંત પ્રમાણે કોઈ રસિકને મંદિરની અનુપમ રચના પસંદ પડશે તો કોઈને અનુપમ રચનાનો રચયિતા જ પસંદ પડશે. જેવો જેમાં રસ તેવો તેનો પુરુષાર્થ. નિષ્ઠાપૂર્વકની મહેનત પણ આખરે સંશોધનની જ એક પ્રક્રિયા છે. આ જગતનું મંદિર પણ ભવ્ય ને અજાયબીઓથી ભરેલું છે. અનેકવિધ ચિત્રવિચિત્રતાઓ જોઇને બુધ્ધિ પણ બહેર મારી જાય તેવું તે રહસ્યાત્મક છે. છતાં તેનો રચયિતા તો કોઇ હશે જ ને? કોણ હશે, કેવો હશે ને કયાં હશે તેવા પ્રશ્નો જિજ્ઞાસુને થાય તે સ્વાભાવિક ગણાય. કોઇ જિજ્ઞાસુ જાણવા પ્રયત્ન કરે તો ખોટું પણ શું? તે તેનો રસનો વિષય ગણાય. રચનાને સમજનાર સાચો ને રચયિતાને સમજનાર ખોટો એવું કહેવાની ઉતાવળ શા માટે કરવી? પોતપોતાની ભૂમિકા પ્રમાણે તેઓ સત્યનું જ સંશોધન કરી રહ્યા ગણાય. આ પ્રકારની સમજ ભણેલા ગણેલા, વૈજ્ઞાનિક દૃષ્ટિવાળા ન કેળવશે તો કોણ કેળવશે? તેઓમાં ને અબુધવર્ગમાં ફરક તો હોવો જ જોઇએ. અબુધ વર્ગ અશ્રધ્ધા ને વહેમને કારણે પોતાને ગમતી ગાંઠને મજબૂત કરતો રહે છે. જો ભણેલો ગણેલો વર્ગ પણ મનમાની રીતે ગમા અણગમાની અવનવીન ગાંઠો બાંધતો જ રહેશે તો પછી નિર્ભેળ સત્યની શોધ કેવી રીતે થઈ શકશે?

વળી જે વિજ્ઞાની છે તે મનના બારી બારણાં બંધ કરી વિચારતો નથી. જે શોધ માટે તે એકાગ્રતાપૂર્વક પોતાની

જાતને ડૂબાડી દે છે તે શોધ કરતા કરતા બીજી જ વસ્તુ હાથ વાગી જાય તો તે ફેંકી પણ દેતો નથી. સાંભળેલું, વાંચેલું ને અનુભવેલું બધું જ તે તો ઉપયોગમાં લેતો રહે છે. અનાયાસે થઈ જતી શોધને તે અવગણતો નથી અને મહેનત કર્યા છતાં અપ્રાપ્ય રહેનાર તરફ નફરત પણ કરતો નથી. કોઈની અવગણના નહીં ને કોઈનો ઈન્કાર પણ નહિ. તે તો ખૂબ તટસ્થ રહી સંશોધનને વેગ આપે છે. ગમા-અણગમાથી દૂષિત થયેલી વ્યક્તિ નથી વૈ ક, નથી સંશોધક !

વિજ્ઞાન બંધિયાર પણ ન રહી શકે. તે તો નદીના પ્રવાહની જેમ સતત પ્રવાહિત જ રહે છે. તે ગતિશીલ રહે તો જ લાભદાયી પણ છે. ભલે અવનવા વળાંકો તેમાં દેખા દેતા હોય ! ગયી સદીનું વિજ્ઞાન આજે જૂનું લાગે છે. તેને જડ વિજ્ઞાન પણ કહેવામાં આવે છે. પદાર્થ ( Matter ) જડ છે અને શકિત ( Energy ) ચેતન છે એવી તેની શોધ હતી. આજે વીસમી સદીને આરે તે શોધ ખોટી ઠરે છે. Quantum theory નવા જ સત્યનું પ્રતિપાદન કરે છે. કોઇ વસ્તુ જડ નથી, સર્વત્ર ચેતન છે. જે કંઈ છે તે સ્પંદશકિત જ છે. પદાર્થ, અણુ-પરમાણુ વગેરે માત્ર મનોવિલાસ છે. તર્કને અપ્રતિષ્ઠિત સાબિત કરનાર શંકરાચાર્ય આજે સાચા પડતા લાગે છે. તેઓ સાચા અર્થમાં વૈજ્ઞાનિક હતા, માયા વિષેની વેદાંતની તેમની માન્યતાને અહીં સદ્ધર ટેકો મળે છે. તેથી જડવાદીઓને દૃશ્ય જગતની પ્રતીતિ સાચી લાગતી હતી તે અસત્ય ઠરે છે.

જડ વિજ્ઞાનદ્વારા છેલ્લા સો વર્ષમાં જડવાદી વિચારસરણીનો પ્રસાર અત્યધિક પ્રમાણમાં થયેલો આજે આપણે અનુભવીએ છીએ. તેવી વિચારસરણીને આધારે ધર્મ, ઇશ્વર



ને શ્રદ્ધાના પાયા ડગમગી ગયેલા છે. આગમ ને નિગમ તો માત્ર ગપ્પાની કહાણી છે એવું કહેવામાં આવે છે. ઇન્દ્રિયો તથા છઠ્ઠું મન જે જુવે ને અનુભવે તે જ સાચું એવી માન્યતા દૃઢ થતી આવી છે. આ વિચારસરણી આપણા લોકાયતમતને મળતી આવે છે. લોકાયત મતના પ્રચારક મહર્ષિ ચાર્વાક હતા. બૃહસ્પતિના સૂત્રોમાંથી પ્રેરણા લઈ આ મત પ્રતિષ્ઠિત થયેલો એવું માનવામાં આવે છે. તે મત પ્રમાણે પ્રત્યક્ષ પ્રમાણ જ મહત્ત્વનું ઠરે. તેથી આત્મા જેવી કોઇ વસ્તુ નથી એમ કહેવાતું. અને જો હોય તો તે શરીર જ છે. મરણ પછી જીવન નથી કારણ કે કોઇએ જોયું નથી કે અનુભવ્યું નથી. ભોગ-વૈભવ એ મનુષ્યનો એકમાત્ર અધિકાર છે. શાસ્ત્રો તો ગપગોળા જેવાં છે. વાસ્તવિક જીવનની મુશ્કેલીઓ તરફ દુર્લક્ષ સેવી આત્મા–પરમાત્માની પરમાર્થસત્તાની વાત કરનારાઓના પ્રત્યાઘાત રૂપે આ વિચાર સરણીનો પ્રચાર થતો હતો. માટે વાસ્તવિકતાનો સ્વીકાર આપણા ઋષિમુનિઓએ કર્યો જ છે. મધ્યયુગમાં પણ સંતોએ વાસ્તવિકતાને લક્ષમાં લીધી જ હતી. આજે પણ વાસ્તવિકતાની અવગણના કોઇ સંત કરતા જણાતા નથી. આ દૃષ્ટિએ આપણા પૂર્વજોએ આ લોકની વાતને અવગણી નથી તે સિદ્ધ થાય છે. તો જ તેમને મહર્ષિને પદે સ્થાપવામાં આવ્યા છે. કેટલી બધી ઉદારતા પૂર્વજોએ દાખવી કહેવાય ?

જડ વિજ્ઞાનને આધારે ફાલેલો આધુનિક ભૌતિકવાદ અથવા તો જડવાદ ઉત્તરોત્તર ચેતનવાદ તરફ ગતિ કરી રહ્યો છે તે Quantum theory પ્રતીતિ કરાવે છે. તેથી હવે પછી જડવિજ્ઞાનના સમીકરણો નકામા બની જશે. કાર્લ માર્કસનો ડાયલેકિટક સિદ્ધાંત જડવિજ્ઞાન પર આધારિત છે. ચેતન વિજ્ઞાનના વિકાસથી તે ખોટો ઠરતો જાય છે. ચેતન-

વિજ્ઞાન વેદકાલીન ઋષિઓની શોધને પ્રમાણિત કરવા જાણે કે પ્રયત્ન કરે છે. તેથી કયી વાત સાચી ગણીશું ? હજારો વર્ષ પહેલાં પ્રયોગોથી સિદ્ધ કરેલું સત્ય ? કે સો વર્ષ પહેલ શોધાયેલું સત્ય કે જે આજે અસત્ય ઠરી રહ્યું છે તે ? સંતો તો કહે છે કે ઇન્દ્રિયો ઘણી ઘણી બાબતમાં અચોક્કસ છે તેથી તે દ્વારા થતા અનુભવો સાચા માનવા નહિ. અદ્યતન વિજ્ઞાન પણ એમ જ કહે છે. દૃશ્ય પ્રપંચ એ માત્ર મનો-વિલાસ છે એ અદ્યતન વિજ્ઞાનની અંતિમ શોધ છે. હજારો વર્ષ પહેલાં સંતોએ તેને પ્રમાણિત કરી હતી. ગઇ સદીની વિજ્ઞાનની શોધોએ જુદી દિશામાં વળાંક લીધો તેથી આંતરિક વિકાસને મહત્ત્વ મળ્યું નહિ. જ્યારે વીસમી સદીને આરે આવીને ઉભેલું વિજ્ઞાન આંતરિક વિકાસને મહત્ત્વનું લેખે છે. આંતરિક વિકાસ ન થાય તો ભણેલો હોય કે અભણ, બંનેની અવસ્થા સરખી જ ગણાય. આંતરિક વિકાસ વિના મનુષ્ય મનુષ્ય બની શકતો નથી. તેનું ઉત્થાન થઈ શકતું નથી. તેથી મધ્યયુગના સંતશિરોમણિ કબીર સાહેબે જે મૂલ્યાંકન કર્યું છે તે મને અહીં યથાર્થ લાગે છે.

હદ ચલે સો માનવા, બેહદ ચલે સો સાધ
હદ-બેહદ દોનુ તજે તાકા મતા અગાધ !

હદ એટલે કોઈ પણ પ્રકારની સ્થૂળતા. આ જગત, આ શરીર ને મનબુદ્ધિના ઉપકરણો પ્રકૃતિબદ્ધ છે તેથી સ્થૂળ. શરીર ને મનબુદ્ધિના ઉપકરણો પ્રકૃતિબદ્ધ છે તેથી સ્થૂળ ઇન્દ્રિયો મનદ્વારા અનુભવાતું આ દૃશ્ય જગત નિયતિના સિદ્ધ નિયમો પ્રમાણે જ ચાલે છે. દૃશ્ય પ્રપંચની જે પ્રતીતિ થાય છે તે આ સ્થૂળ જગતની મર્યાદા છે. તેવી હદમાં રહીને સામાન્ય માનવ સુખી થવા પ્રયાસ કરે છે. કૂવામાંના દેડકાં-



ની માફક તે હદ છેવટની હદ છે એવું માની તે મિથ્યા નિર્ણયો પણ કરે છે. બાકી આપણી આસપાસ જે બની રહ્યું છે તેનો એક અલ્પ અંશ જ આપણી આંખો જોઇ શકે છે. આપણા કાન મર્યાદિત ધ્વનિ જ સાંભળી શકે છે. વિજ્ઞાન એમ કહે છે કે સામાન્ય રીતે કાન ૨૦ થી ૧૬૦૦૦ સાઇકલ્સ પર સેકન્ડ' ના ધ્વનિતરંગો વચ્ચેનો જ ધ્વનિ સાંભળી શકે છે. તેથી આ વિશાળ બ્રહ્માંડમાં શ્વાસ લેતો આ માનવી નો દેહ મન-ઇન્દ્રિયોના ઉપકરણોથી અતિ અલ્પ અનુભવ લઇ શકે છે તે મર્યાદા સામાન્ય માણસની હદ ગણાય. પરંતુ કેટલાક આ હદને ઓળંગી જનારા અસામાન્ય માણસો પણ છે. તેઓ ચોક્કસ પ્રકારની તપશ્ચર્યા દ્વારા મન-ઇન્દ્રિયોથી પર થઈ શકે છે અને પરમ સત્યની ઝાંખી કરી શકે છે. તેમનું આવું સામર્થ્ય તેમને અસામાન્યની કોટિએ મૂકે છે. તેઓ સ્થૂળતાને ભેદી સૂક્ષ્માતિ સૂક્ષ્મમાં પ્રવેશી શકે છે. તેથી સામાન્ય માણસની દૃષ્ટિએ આ સૂક્ષ્મતાં તે જ બેહદ. સ્થૂળ–સૂક્ષ્મથી પણ આગળ જનારા ત્રિગુણાતીત અવસ્થા પ્રાપ્ત કરે છે. પરમ સત્તાની સતત સંનિધિ પ્રાપ્ત કરે છે. તેઓ પછી કાંઇ જ કરતા નથી હોતા. તેઓ જે કાંઇ કરતા દેખાય છે તે તો પરમસત્તાની આજ્ઞા અનુસાર જ. તેવા મહાપુરુષોની મતિ આગળ છે. તેઓ સાગર જેવા અમાપ ને અનંત છે. તેઓ દ્વારા જ નિર્ભેળ સત્યની શોધ આ જગતને પ્રાપ્ત થાય છે. આજે પણ તેવા સંતો છે. તેમની શક્તિનો લાભ વૈજ્ઞાનિકો ઉદાર બની લઇ શકે તો આ જગતને કેટલો બધો લાભ થઇ શકે ?

---

# પ્રકાશના પંથે

આત્મકથા

સંક્ષેપ : નારાયણભાઈ જાની

## પૂર્વજન્મનું જ્ઞાન

પૂર્વ જન્મનું જ્ઞાન થઈ શકે? જરૂર થઈ શકે. ભારતના ધર્મગ્રંથોમાં પૂર્વજન્મના જ્ઞાનની વાતો સારા પ્રમાણમાં આવે છે. ગીતામાં ભગવાન કૃષ્ણે અર્જુનને કહ્યું છે કે હે અર્જુન, તારા ને મારા ઘણા જન્મો થઈ ગયા. તે બધાને હું જાણું છું, પણ તને તેની ખબર નથી. તુલસીકૃત રામાયણમાં કાકભુશુંડજીએ પોતાના પૂર્વજન્મોની કથા કહી બતાવી છે. તે ઉપરાંત, ભાગવતમાં જડ ભરત જેવા પુરુષોની વાતેય આવે છે.

શાસ્ત્રોની વાતો જરા જૂની થઈ, પણ મહાત્મા વેદબંધુ જેવા વર્તમાન કાળના સંતપુરુષોની અનુભવ વાતો સંતોષકારક થઈ પડશે.

પૂર્વજન્મનું જ્ઞાન મેળવવાનો માર્ગ કયો? પાતંજલ યોગદર્શનના વિભૂતિપાદના અઢારમા સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે અંતઃકરણમાં એકઠા થયેલા સંસ્કારોમાં સંયમ કરવાથી યોગીને પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે. સમાધિની મદદથી પૂર્વજન્મને જાણવાનો યોગની સાધનાનો આ માર્ગ છે. તે ઉપરાંત એક બીજો માર્ગ-પ્રેમ અથવા ભકિતનો અથવા ઈશ્વરની કૃપાનો કહી શકાય. તે માર્ગ મુજબ સાધક પૂર્વ-જન્મ જાણવાની ઈચ્છાથી પ્રેરાઈ, પ્રભુની પ્રાર્થનાનો આધાર લે તો પ્રભુ અથવા પ્રભુના પ્રતિનિધિ જેવા સિદ્ધપુરુષો તેને પૂર્વજન્મની માહિતી પૂરી પાડે છે. આમ પૂર્વજન્મનું જ્ઞાન, યોગ, ભકિત, કે ઈશ્વરના અનુગ્રહથી પણ થઈ શકે.



વળી તે દેવી, દેવતા, સિદ્ધ પુરુષ કે આત્માના અવાજ દ્વારા પણ પૂરું પાડવામાં આવે. કોઈવાર સ્વપ્નમાં, સમાધિમાં કે કોઈવાર જાગૃતિ-દશામાં પણ તે પ્રાપ્ત થાય. પરંતુ જાગૃતિ દશામાં કે સમાધિમાં બહુજ ઓછા સાધકોને તે થઈ શકે છે.

નાનપણમાં હું એકવાર એક મહાપુરુષનું જીવનચરિત્ર, વાંચતો હતો. ત્યારે મને અચાનક એવો ભાવ થઈ આવ્યો કે આ મારુંજ જીવનચરિત્ર છે. ‘ તે વખતે હું બાળક હતો. મને જીવનનાં રહસ્યો કે સાધનાનું પૂરું જ્ઞાન ન હતું. વળી તે મહાપુરુષની મહાનતા ને યોગ્યતા પાસે મારી યોગ્યતા ખૂબ અલ્પ હતી, આમ છતાં તે વખતે પૂર્વજન્મની આછી સ્મૃતિ જાણે જાગી ઊઠી હોય એવી મારી દશા હતી. વખતના વીતવા સાથે એ વિચાર ને ભાવ શાંત થવા માંડયો. છતાં મારું હૃદય પેલા ભાવને સંપૂર્ણપણે ભૂલી શકયું નહિ.

તે પછી વરસો વીતી ગયાં. સાધનાની પ્રવૃત્તિએ મારા જીવનની દિશા તેમજ દૃષ્ટિકોણને બદલી નાખ્યાં. પૂર્વજન્મનાં જ્ઞાનનો વિચાર, શાંતિની ઝંખના અને સાધનામાં કહો કે ગૌણ બની ગયો; પરંતુ ટિહરીમાં વેદબંધુની તેમજ દેહરાદુનમાં ભૈરવ જોષીની પૂર્વજન્મના જ્ઞાનની વાતો સાંભળી મને મારા પૂર્વજન્મનું જ્ઞાન મેળવવાની ઈચ્છા થઈ આવી. મને વારંવાર એવો વિચાર આવ્યા કરતો કે આટલી નાની ઉંમરમાં મારામાં આવા આધ્યાત્મિક સંસ્કારો કેમ પ્રકટી ઊઠયા છે? એ પ્રશ્નનો જવાબ મેળવવા પણ મને પૂર્વજન્મનું જ્ઞાન મેળવવાની ઈચ્છા થયા કરતી, એટલે ઉત્તરકાશીના નિવાસ દરમ્યાન આ ભારે વિષયને ઉત્સાહપૂર્વક હલ કરવા મેં સંકલ્પ કર્યો.

મારી ઇચ્છા પૂરી કરવા મારી પાસે તો કોઇ શક્તિ જ ક્યાં હતી? મારી પાસે કેવળ પ્રાર્થનાનું બળ હતું ને ઇશ્વરની કૃપામાં શ્રદ્ધા હતી. એટલે મેં ખૂબજ વ્યાકુળતાપૂર્વક દિવસ રાત ઇશ્વરને પ્રાર્થના કરવા માંડી. એકાદ દિવસ તો ભૂખ્યા રહીને પણ પ્રાર્થના કરી. પરંતુ તેનું પરિણામ જલદી ના આવ્યું. છેવટે પૂર્વજન્મના જ્ઞાનનો વિચાર જરા મંદ પણ પડી ગયો.

પછી તે વિચારને મેં પ્રભુ પર છોડી દીધો : વિચાર્યું કે એ જ્ઞાનની મારે જરૂર હશે તો પ્રભુ કૃપાથી એ મને જરૂર મળી રહેશે.

એ દિવસોમાં એક નવો બનાવ બની ગયો. મારી સાથે દેહરાદુનથી આવેલા બે સંન્યાસી ભાઇઓને જન્મોત્રીની યાત્રા કરવાની ઇચ્છા થઈ. તેમણે મને સાથે યાત્રા કરવાનું આમંત્રણ આપ્યું. મેં તે સહર્ષ સ્વીકારી લીધું.

એ યાત્રા મારા માટે મંગલકારક થઈ કારણકે તે દરમ્યાન જન્મોત્રીના સુંદર સ્થાનનાં દર્શન સાથે મને પૂર્વજન્મના જ્ઞાનનો લાભ પણ મળ્યો. જ્યારે ઇચ્છા કરી અને મહેનત કરી ત્યારે તે ભાવના ન ફળી; પરંતુ મહેનત મંદ પડી ત્યારે ભાવના પૂરી થઇ. ઈશ્વરની લીલા ને કર્મનું રહસ્ય અજબ છે. એટલે વિવેકી સાધકે કદી નિરાશ થવાની જરૂર નથી.

પાતંજલ યોગદર્શનમાં સાધનપાદના ૩૯મા સૂત્રમાં કહ્યું છે કે અપરિગ્રહનું પૂર્ણપણે પાલન કરવાથી પણ પૂર્વજન્મ અને વર્તમાન જન્મના રહસ્યોનું જ્ઞાન થઈ જાય છે. એ સૂત્ર આ પ્રમાણે છે.

अपरिग्रहस्थैर्यें पूर्वजन्मकथन्तासंबोधः ।



જન્મોત્રીની યાત્રાનો માર્ગ જરા વિકટ છે. ધર્મશાળાઓ આઠ નવ માઇલના અંતરે ને ચઢાઇ ઉતરાઇ પુષ્કળ આવે છે. પરંતુ જમનાના કિનારે કિનારે પર્વતો વચ્ચેથી પસાર થતા પગદંડીના માર્ગે આગળ વધતાં કુદરતી સૌંદર્ય ને રમણીયતાનું દર્શન થતાં થાક ઉતરી જાય છે.

ઉત્તરકાશીથી જન્મોત્રી જતાં જમનાજીનું પહેલું દર્શન થાય છે. ત્યાં એક ધર્મશાળા છે. તેમાં અમે રાત રહ્યા. જન્મોત્રીના યાત્રામાર્ગની એ ધર્મશાળા અને એ રાત મારા જીવનમાં યાદગાર બની ગઇ. રાતે ઓરડીમાં જઇ મેં થોડો વિશ્રામ કર્યો. પછી ધ્યાનમાં બેઠો. ધ્યાનની અવસ્થામાં મને ખૂબ શાંતિ મળી ને થોડા જ વખતમાં મનનો લય થઇ ગયો. શરીરનું ભાન બિલકુલ ના રહ્યું. હું કોઈ જુદા જ જગતમાં પહોંચી ગયો. મેં જે સ્થળમાં પ્રવેશ કર્યો તેને મેં આ જીવનમાં કદી જોયું ન હતું. તેથી તેને ઓળખી ન શક્યો. શું તે બ્રહ્મલોક કે ઉચ્ચ કોટિના કારક પુરુષોને રહેવાનો સિદ્ધલોક, તપલોક કે પ્રસિદ્ધ સત્યલોક હતો? એ સ્થળ પૃથ્વી પરનું કે અન્ય કોઇ હતું એનો નિર્ણય હું ન કરી શક્યો.

ત્યાં મોટું સુશોભિત સભાગૃહ હતું. તેમાં જુદા જુદા વેષધારી સો જેટલા મહાત્માઓ બેઠેલા. તેમાંથી કોઇએ ભગવાં વસ્ત્રો તો કોઇએ સફેદ, કોઇ કૌપીનધારી તો કોઈ કફનીધારી હતા. કોઇ શ્યામ તો કોઈ ગોરા ને કોઈ દાઢીવાળા તો કોઇ દાઢી વગરના. તે બધા મહાપુરુષો શાંતિથી બેઠેલા. તે મને જોઇને ઊભા થઈ ગયા. બધા જાણે એકી અવાજે ને ઉચ્ચ છતાં સુમધુર સ્વરે બોલી ઊઠ્યા : " આવો......તમે......છો. " તેમણે મારો સત્કાર કરતાં, મારા બે પૂર્વજન્મોનું મને જ્ઞાન આપ્યું. તે સાથે તેમાંના બેચાર પાસે ઊભેલા સંતો વચમાંથી

માર્ગ કરીને મને આગળ લઈ ગયા અને એક વ્યાસપીઠ જેવા ઊંચા આસન પર બેસાડીને મારા પર પુષ્પોની વૃષ્ટિ કરી. તે પછી લાંબા વખતે મારું ધ્યાન પૂરું થયું. હું જાગ્રત થયો તો એ જ ધર્મશાળામાં બેઠો છું. જમનાજીનો નાદ રાત્રિની શાંતિમાં વધારે જોરથી સંભળાઈ રહ્યો છે. સવાર થવાને વાર હતી. રાત્રિનો બાકીનો સમય એ અનુભવને યાદ કરવામાં વીતી ગયો. સવારે મારું હૃદય ઊંડી શાંતિનો અનુભવ કરી રહ્યું. પ્રભુની અપાર કૃપાથી પૂર્વજન્મને જાણવાની મારી ઇચ્છા પૂરી થઈ. પ્રભુની કૃપા શું નથી કરી શકતી ! પણ ખેદની વાત છે કે માણસે પોતાની જાતમાંથી ને પ્રભુમાંથી શ્રદ્ધા ગુમાવી દીધી છે !

પૂર્વજન્મના જ્ઞાનના એ પ્રથમ અનુભવ પછી થોડાક દિવસોમાં મારે ગંગોત્રીયાત્રાએ જવાનું થયું. ત્યાં પહેલી જ રાતે એ પ્રમાણેનો અનુભવ ફરી થયો. આશ્ચર્ય એ હતું કે વિદ્યાર્થી અવસ્થામાં પેલા મહાપુરુષનું જીવનચરિત્ર વાંચતી વખતે મને જે ભાવના થયેલી, તે ભાવના એ માહિતી મુજબ સાચી પડી. એ પછીનાં દસ વર્ષોમાં મને પચાસથી પણ વધારે વાર પૂર્વજન્મનું જ્ઞાન થયું છે. જુદા જુદા મહાપુરુષો ને જુદાજુદા શબ્દો દ્વારા તેની પ્રાપ્તિ થતી રહી છે. તેમાંય ૧૯૪૪–૪૫ ને ૪૬નાં ત્રણ વર્ષો તો જાણે પૂર્વજન્મના જ્ઞાનના અનુભવનાંજ વરસો હતાં.

મારા જીવનમાં એવો અવસર એકવાર જ આવ્યો છે કે જ્યારે કોઈ સંતપુરુષે મને પ્રત્યક્ષપણે મારા પૂર્વજન્મની માહિતી આપી હોય. એ પ્રસંગ ઈ. સ. ૧૯૪૬નો છે. તે વર્ષે મેં બીજીવાર બદરીનાથની યાત્રા કરી. ત્યારે મારી સાથે કુલાનંદ નામના મહાત્મા હતા. દેવપ્રયાગમાં લાંબો વખત રહ્યા તે દરમ્યાન અમારી વચ્ચે પ્રેમ થયેલો. તે એક ઉચ્ચ-



કોટિના ને અનુભવી મહાત્મા હતા. બદરીનાથ જતાં બે દિવસ અમે શ્રીનગરમાં રોકાયા. અનુભવોની એકમેક સાથે આપલે કરતાં એકવાર તેમણે કહ્યું: "કાશીમાં એક સચ્ચેબાબા નામે સિદ્ધ મહાત્મા થઇ ગયા. કાશીમાં તેમની સમાધિ છે. તે મારા ગુરુ છે. તેઓ મારી અંદર પ્રકટ થયા હોય એવું મને લાગે છે."

તે પછી તેમણે કહેવા માંડ્યું: 'મને કેટલાક સિદ્ધ પુરુષો ની પુનરાવૃત્તિઓ જેવા પુરુષો પણ મળ્યા છે. તેમને ઉચ્ચ કોટિના અથવા અવતારી પુરુષો કહી શકાય. ભારતનું ભાવિ ઘણું ઉજળું લાગે છે. નહિતો આવા મહાપુરુષોનો આવિર્ભાવ ન થાય." મેં કહ્યું, "મને પણ મારા પૂર્વજન્મની માહિતી મળી છે. પણ કહેવાનું મન થતું નથી. તેની જરૂર પણ જણાતી નથી." તેમણે કહ્યું, "મારૂં હૃદય તો કહે છે તમે પૂર્વજન્મમાં……હતા."

મને તેમના શબ્દો સાંભળી જરા નવાઇ લાગી. તેમને મારા પૂર્વજન્મની માહિતી ક્યાંથી મળી? તેમની વાત મારા પૂર્વજન્મના જ્ઞાન સાથે મળતી હતી. તે મોટા સાધક હોઇ તેમનામાં કેટલીક વિશેષ શક્તિ હતી. તેનાથી તેઓ એ જાણી શક્યા હોય. મેં તેમને મારા પૂર્વજન્મ વિષેની માહિતી ભૂલેચૂકે કોઇની પાસે પ્રકટ ના કરવાની સૂચના આપી. તેમણે તે સ્વીકારી તેથી મને સંતોષ થયો. (ક્રમશઃ)

# જિંદગી જો બંદગી બને તો ?

ભૂપતરાય મો. ઠાકર–' ઉપાસક '

પ્રાર્થના એ આત્માનો શુદ્ધ–સાત્ત્વિક અને હળવો ખોરાક છે. જે વિચારોમાં પવિત્રતા અને વ્યવહારમાં નમ્રતા આપે છે. નમ્રતા એ ઉમદા ગુણ છે. ઉન્નત માર્ગ તરફ જવા માટે પ્રાર્થના ખૂબ અનિવાર્ય તત્ત્વ છે. પ્રાર્થના દ્વારા જ પરમ તત્ત્વ સાથે ઓળખાણ કેળવાય છે. આપણા અસ્તિત્વને ભૂલવાની અને જીવનની હળવાશ અનુભવવાની આ જડીબુટ્ટી છે. કોઈપણ વિપરિત સંજોગોમાં ટકી રહેવાની આત્મશકિત પ્રાર્થના વડે પ્રાપ્ત થાય છે. પ્રાર્થના પ્રત્યેક પરિસ્થિતિને અનુકૂળ બનાવે છે.

પ્રાર્થના એ ' આભાર ' ની હૃદય દ્વારા વ્યક્ત થયેલી ભાવના છે. પરમ પરમેશ્વરે આપણને ઇંદ્રિયોની સમજ, બુદ્ધિની દેનગી, પ્રકૃતિની ભેટ, હૃદયનો ઉપહાર આપેલા છે અને સુંદર શરીરનું નિર્માણ કર્યું છે. તે સર્જનહારને પ્રાર્થના દ્વારા યાદ કરવાની એક તક છે. પ્રાર્થના ને કોઈ ભાષા નથી. પ્રાર્થના તો મૌનની વાણી છે. ભાવનાની ભાષા દ્વારા જ યાદ કરાય છે. પ્રાર્થના એ ઈશ્ર સાથેનો વિશ્વાસનો એકરાર છે. ઈશ્વરનું ઉમળકાભેર કરેલું અભિવાદન છે.

પ્રાર્થના દ્વારા–હૈયાનો બોજ હળવો થાય છે. પ્રાર્થના એ શ્રેષ્ઠ આશ્વાસન છે, જે હળવાશ બક્ષે છે. ગુંગળામણ કે અકળામણનો અંત લાવે છે. ચહેરા ઉપર ચમક અને શરીરમાં વિદ્યુત શી સ્ફૂર્તિ અર્પે છે. મનની શાંતિ, તનની હળવાશ અને જીવનની ઉન્નતિ મળે છે. વ્યકિત અને સમૂહ-



ને પ્રાર્થના વડે નિર્ભયતા મળે છે. પ્રાર્થના તો અહમ્‌ને છોડીને વ્યક્તિએ સ્વયં સ્વીકારેલી શરણાગતિ છે.

પ્રાર્થનામાં અજબ શકિત છે. દુનિયાની કોઈપણ શકિત સામે અમોઘ શસ્ત્ર પ્રાર્થના છે. પ્રાર્થના દ્વારા આત્માના અવાજને સાંભળવા માટેનું સામર્થ્ય સાંપડે છે. બધા જ ધર્મોમાં પ્રાર્થનાને મહત્ત્વ છે. મુસલમાનની નમાજ, ખ્રિસ્તીની પ્રેયર, હિન્દુની પ્રાર્થના આખરે પરમ તત્ત્વ પ્રત્યેની માનવીની આર્તવાણી–પોકાર છે.

પ્રાર્થના દ્વારા ' સ્વ 'ની ઓળખાણ થાય છે. જગતના ભ્રમને સમજવાની દૃષ્ટિ મળે છે. પ્રકૃતિના તત્ત્વો સાથે તાદાત્મ્ય કેળવવાની, જીવ માત્ર તરફ સદ્‌ભાવ રાખવાની, સૌને સમાન સમજવાની, હિંસાથી દૂર રહેવાની સમજ મળે છે. આપણે સૌ એક જ પિતાના સંતાન હોવાની વિશાળતા–પ્રગટે છે. પ્રાર્થના દ્વારા રાગ–દ્વેષ અને ઈર્ષ્યાનો અંત આવે છે.

પ્રાર્થના હૃદયના ઊંડાણમાંથી બહાર આવે ત્યારે ઇશ્વર જરૂર સાંભળે છે. ' ગજ–ગ્રાહ મુકિત ' પ્રાર્થનાને આભારી છે. ' દ્રૌપદી વસ્ત્રાહરણ ' વેળાની પ્રાર્થના, ' સાવિત્રી–યમ–સંવાદ ' અને સત્યવાનનું ' નવજીવન ' પ્રાર્થનાનું બળ છે. બાબરે ખુદાની ' બંદગી ' કરી હુમાયૂનું ' આયુષ્ય ' બદલી આપ્યું. આ પ્રાર્થનાના પ્રમાણપત્રોની નકલો છે. પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જતી નથી, તેનાં અમૂલ્ય ઉદાહરણો છે. પ્રાર્થનામાં અજબ–ગજબ દૈવી શકિત છે.

પ્રાર્થનાની શકિતને, ફળશ્રુતિને પ્રયોગશાળામાં સિદ્ધ કરી શકાતી નથી. પ્રાર્થના સ્વયં અતાર્કિક અને અગમ બળ છે. પ્રાર્થનાની સિદ્ધિને અનુભવી શકાય છે. વિજ્ઞાનનું જ્ઞાન પ્રાર્થના પાસે ઊણું–અધુરું સાબિત થાય છે. પ્રાર્થના તો જ્ઞાનની પેલે પારનું તત્ત્વ છે.

પ્રાર્થના પાવનકારી, નિર્વિકાર ને કલ્યાણદાયી–મોક્ષદાયિની છે. પ્રાર્થના આત્માનું રસાયણ છે. જીવનની સંજીવની છે. પ્રાર્થના આત્માની શાંતિ માટેનું ઔષધ છે. જિંદગી જો બંદગી બની જાય તો ત્રિ–તાપને હરી શીતળતા, મધુરતા અને નમ્રતા આપે છે.

સમૂહ પ્રાર્થના વધુ અસરકારક છે. પ્રાર્થના તો પ્રેમાળ પિતા, માયાળુ માતાની ગરજ સારે છે. જીવ અને જગતના રહસ્યો ઊકેલી આપે છે. ભવરણમાં 'મીઠી વીરડી' બની રહે છે. પ્રાર્થના લોક અને પરલોકનું ભાથું છે.

*

---

( શ્રદ્ધાંજલિ પાના ૬૪નું ચાલુ )

ને આરામની દાક્તરોની સતત સૂચનાઓને એ અવગણતા રહ્યા. પરિણામે એમનું અવસાન થયું.

પૂ. શ્રી યોગેશ્વરજીએ સુરતની સાધના શિબિરમાં સદ્દગત-ને અંજલિ આપતાં કહ્યું "હરગોવિંદભાઇ જેવા સેવકો આજે સમાજમાં ઓછા જોવા મળે."

સામાન્ય સ્થિતિવાળા હોવા છતાં કોઇપણ સેવાના કામ માટે એમણે કદી પાછી પાની કરી નથી. એમણે પોતાનું જીવન ને શકિત બીજાઓ માટેજ વાપર્યાં. પ્રભુ એમના આત્માને શાંતિ આપે.

બે મિનિટ માટે સહુ શિબિરાર્થીઓએ પણ મૌન પાળી એમને શ્રદ્ધાંજલિ અર્પી.

---



# મૃત્યુ નજીકની થોડી પળો

રા. પ્રે. પુરોહિત

તા. ૧૪મી મે. 'ધ્યાન સાધના શિબિર'માં છેલ્લે દિવસે હાજરી આપવાનું બન્યું. સૌ સાધક મિત્રોને મળતાં આનંદ થયો. પૂ. માને પ્રણામ કરી વડોદરા જવા માટે નીકળ્યો. એ દિવસ જીવનમાં યાદગાર બની ગયો.

રાત્રિના લગભગ ૯–૩૦ થયા હતા. સુરત-મહેસાણાની બસમાં બેઠો હતો. થોડા વખત પહેલાંજ એક હોટલ પાસે બસ ઉભી રહી હતી અને સૌએ ચા–પાણી કર્યાં હતાં.

એકાએક 'ધડાક' કરતો મોટો અવાજ થયો. લોકોની ચીસાચીસ...પૂર ઝડપે સામેથી આવતી એક ટ્રક સાથે અમારી બસ ટકરાઈ હતી ( જે પાછળથી ખબર પડી ). ભારે અક-સ્માત થયો છે. લોહીના ફુવારા ઉડ્યા છે. બસ રોડ નીચે ઉતરી અને ખાડામાં જઈ રહી છે. હવે અટકી અને ગભરા-યેલા ને ઘાયલ થયેલા લોકો ધમાલ કરે છે. નીચે ઊતરવા અને બચવા ફાંફા મારે છે. એટલી જ તે વખતે ખબર તો પડી.

સોળમી તારીખે છાપામાં સમાચાર વાંચ્યા. સુરત–મહે-સાણા બસને અંકલેશ્વર પાસે નડેલો ભયંકર અકસ્માત. ચારનાં મૃત્યુ. ત્રણ ગંભીર. કુલ દશેકને ઇજા થતાં હોસ્પિટલ-માં દાખલ કરાયા છે...છાપામાં સમાચાર વાંચી મેં ફરી મારા શરીરને તપાસી લીધું. મને કયાંક ઈજા તો નથી થઈને ? એક નાનકડો ઘા થયેલો અને ખભા પર થોડુ વાગેલું પરંતુ તેતો છાપામાં સમાચાર આવે તે પહેલાંજ મટી ગયું હતું.

અમારી બસ ચીકકાર હતી. બેસવાની જગ્યા ન મળી. મને થયું ત્રણ કલાક ઊભા શે રહેવાય ? ચાલો જમાવો

બેઠક નીચે. અને આગળ જઇ સૌથી પહેલાં ઊભા રહેવાની સીટ વચ્ચેની જગ્યાએ બેસી ગયો. હા, સામેની સીટ પર થોડી જગ્યા હતી. બેસવા દેવા વિનંતી પણ કરી હતી, પણ મરવાનું નશીબમાં નહીં હોય! તે ભાઇએ ના પાડી. ઇજા પામેલા અને મૃત્યુ પામેલા મોટા ભાગના ઉતારુઓ ડ્રાઈવર તરફની બાજુના આગળની સીટો પર બેસેલા ઊતારુઓ જ હતા.

અકસ્માતની ક્ષણો યાદ કરું છું. મારી માનસિક સ્થિતિ તે વખતે કેવી હતી? અકસ્માત થયો. બસ અટકી પડી. લોકો રડતા હતા અને બૂમો પાડતા હતા, ત્યારે હું શાંતિથી નીચે બેઠા બેઠા–તે સ્થિતિમાંજ મારું બીજું ચંપલ શોધતો હતો! તે તો છેવટે ન જ મળ્યું અને એક ચંપલે વડોદરા આવ્યો. ખેર. એ તો થઈ ચંપલની વાત. ન મળતાં હું ઊભો થયો–બહાર નીકળવા. એક ભાઇ મોટે મોટેથી ડ્રાયવરને ગાળો દેતા હતા અને સખત રીતે ઘવાયેલી પોતાની પત્નીને ઊંચકવા પ્રયત્ન કરતા હતા. મેં તેમને શાંતિ રાખવા કહ્યુ અને પહેલાં પત્નીને બહાર કાઢવા કહ્યું. મેં તેને પગ બાજુથી ઊંચકી ને તેમણે ખભા પાસેથી. તે લોહી લુહાણ સ્રીને દરવાજા સુધી અમે લઇ ગયા. બીજા મદદે આવ્યા એટલે મેં તેને છોડી દીધી. તે સ્રી ઢીલી પડી ગઈ હતી અને તેનું શરીર ઠંડુ પડતું જતું હોય તેવું મને લાગ્યું...

ચંપલનો મોહ ગયો ન હતો. પાછો જઇ ગોતવા લાગ્યો. કેટલાક ધમાલ કરતા હતા. પોત–પોતાનો સામાન ફંફોળતા હતા. અંધારું હતું. તેથી ખાસ દેખાતું ન હતું, કોઇ પાસે બેટરી પણ ન જોઈ. મારા માથામાં ટુટેલી બારીના કાચ વાળમાં ભરાઈ ગયા હતા; અને કપડાં લોહીથી ખરડાયાં હતાં. બસનું ડ્રાઈવર બાજુનું પડખું અડધે સુધી ચીરાઇ ગયું હતું! ચંપલ ન મળતાં બીજાઓને થોડી મદદ કરી પાછો



મારો થેલો જે કંડકટરની સીટ પાસે મેં રાખેલો તે લઇ નીચે ઉતરી ગયો.

શોકમય વાતાવરણ હતું. બસની પાસે મોટી ગુણ પડી હોય તેમ ઊંધે માથે એક જાડો માણસ પડેલો હતો. સાવ નિષ્પ્રાણ! ખાસ ઈજા ન હતી. કદાચ તે એજ વ્યક્તિ હશે જેના પર પૈડું ફરી ગયું હતું તેમ છાપામાં આવેલ. અથવા હાર્ટફેઈલ થયો હોય. ઈજા પામેલાઓને ઊંચકીને બીજા વાહનોમાં ચડાવવાની ક્રિયા ચાલતી હતી. હવે ઘણાં વાહનો આવી અટકી ગયાં હતાં અને મદદમાં લાગી ગયાં હતાં.

મારું મન તો હજી મારા ચંપલમાં હતું. એક છેલ્લો મરણીયો પ્રયાસ કરી લેવાનું મન થતાં હું પાછો બસમાં ચડ્યો. પણ ન મળ્યું તે ન જ મળ્યું. બસ ખાલી હતી. પાછો ફર્યો તો સીટપર કોઈ સૂતેલું દેખાયું. જોયું તો એક સ્રી! હલાવી જોઈ. પ્રતિક્રિયા ન થઇ. એટલે બે હાથેથી ઊંચકી બેઠા કરવાનો પ્રયત્ન કર્યો તો ઝબકીને જાગી ગઈ. 'કેમ? શું થયું?' બોલી, કદાચ અકસ્માતના આઘાતમાં બેભાન થઇ ગઇ હશે. સ્મૃતિ ગુમાવી હશે. મેં કહ્યું "અકસ્માત થયો છે. નીચે ઊતરો." ટેકો આપી ઊભી કરી અને પછી તે સ્વસ્થ થઈ જતાં ધીરે ધીરે ચાલવા લાગી.

હું પણ નીચે આવ્યો. ડ્રાયવરને ઉંચકીને એક નાના વાહનમાં ચડાવતા હતા. મેં એક સ્રીને બીજી બસમાં ચડાવતાં લોકોને જોયા હતા એટલે કંડકટરને તે જ વાહનમાં ડ્રાયવરને પણ ચડાવી લઇ જવા કહ્યું અને તેઓ તે તરફ ગયા. ઘણા લોકો હવે સેવામાં લાગી ગયા હતા એટલે મને મારી જરૂર ન લાગી. ત્યાં એક અમદાવાદ જતો ટ્રક વાળો આવી પૂછવા લાગ્યો. "અમદાવાદ તરફ જવું છે?" એક બીજા ભાઇને સાથે લઈ અમે ટ્રકમાં બેસી ગયા.

રાત્રે બાર વાગ્યે વડોદરા પહોંચ્યો. મારાં સ્નેહી કૈલાશબહેનને ત્યાં લગ્ન હતાં. પરંતુ લોહીવાળા કપડે ત્યાં જવું યોગ્ય ન લાગતાં, હું પૂર્ણિમાબહેનને ત્યાં રાતે ગયો.

બસ અથડાઈ અને ખાડામાં જઈ અટકી તે વચ્ચેનો ૩૦ થી ૬૦ સેકંડનો ગાળો મારા માટે મહત્વનો હતો. મેં ન ચીસ પાડી ન જરા પણ ડર અનુભવ્યો. ન કોઇ ચિંતા મનમાં જાગી. કદાચ અકસ્માતની ગંભીરતા તે વખતે સમજાઈ ન હોય એવું બને. પરંતુ શું થઈ રહ્યું છે તે હું સાક્ષી ભાવે જોયા કરતો હતો. પ્રત્યેક ક્ષણનું જીવન તે ક્ષણે જીવાતું હતું. આગળ પાછળની ચિંતા કે યાદ ન હતી. કોણ જાણે કેમ ધ્યાનાવસ્થાનો એક સુંદર અનુભવ હોય તેવી એ ક્ષણો હતી.

શું માનવું? પ્રભુની કૃપા કે સંતના આશીર્વાદ? મારું જીવન બચ્યું પણ બીજા મર્યા તેનું શું? તેમનામાં અને મારામાં એક જ જીવન ચેતન વહી રહ્યું હતું ને? તેમનામાંથી ચેતન પ્રવાહ કેમ નીકળી ગયો ને મારો કેમ ચાલુ રહ્યો? ક્યાં સુધી ચાલુ રહેશે? કોને ખબર. અનેક પ્રશ્નો મનમાં ઉદ્ભવે છે. એક તટસ્થ વાંચકની જેમ આ પ્રસંગ હું ફરીથી યાદ કરી ગયો. મારા મનની તે વખતની શાંતિ, સ્વસ્થતા કોને આભારી હતી! આવું બની શકે? પણ બન્યું તો છે જ.

પોતાની જાત ઉપર વિચાર કરતાં લાગ્યું કે માણસનું મન કેવું હોય છે? બીજાને ગમે તેટલુ દુંખ થતું હોય તેને તો પોતાના ચંપલમાં જ રસ હતો! જો કે એકાદ મિનિટ મૃત્યું નજીક હતું ત્યારે ડર, ચિંતા, વાસના કે ઈચ્છા વગરનું મારૂ મન રહ્યું તે ઘણું સારું કહેવાય. પરંતુ ચોવીસે કલાક મૃત્યુની ક્ષણ પાસે નથી શું? ક્ષણે ક્ષણનું મૃત્યુ જ નવી ક્ષણો લઈ આવે છે ને! જીવનને આપણે એ રીતે લઇએ તો? વર્તમાનની પ્રત્યેક ક્ષણો માણીયે. ભૂતકાળની ક્ષણો-



ને ચાંટી શકાતું નથી ને ભવિષ્યની ક્ષણો હાથ આવતી નથી.

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥

માનવ દુઃખી કેમ છે? જેનો વિચાર, જેની ચિંતા કે શોક કરવાની જરૂર નથી તેની ચિંતા કરે છે અને ડાહી ડાહી વાતો કરે છે. ગયેલી પળ અને ન ગયેલી પળનો જ્ઞાની શોક કરતો નથી. ચિંતા કરતો નથી. એ તો વર્તમાનને જ યથાર્થ રીતે જીવે છે.

બચ્યો! હું બચ્યો તો હવે કેમ જીવવુ? કેવું જીવવું? એ વિચાર ચાલે છે. મનમાં આવા અનેક પ્રશ્નોની પરંપરા ઊઠે છે. મારા એ પ્રશ્નો અનુત્તરિત રહે છે. ચિદાકાશમાં ઘૂમરીઓ લેતા, મૃત્યુ નજીકની એ પળોની આસપાસ ઘુમ્યા કરે છે.

## શ્રદ્ધાંજલિ

### મહામના ડૉ. મધુસૂદન જોષીની વિદાય.

એપ્રિલ, ૮૩ના છેલ્લા અઠવાડિયામાં સુરતના ખ્યાતનામ ડૉ. શ્રી મધુસૂદનભાઈ જોષીનો, અચાનક સ્વર્ગવાસ થયો. તેઓશ્રીની આકસ્મિક વિદાય એમનાં સ્નેહીઓ અને સંબંધીઓ માટે કલ્પનાતીત હતી. અધ્યાત્મ પરિવારના એક આદરણીય મહાનુભાવની એ વિદાયની વાસ્તવિકતાને સ્વીકારવી રહી.

તેઓશ્રી પૂ. શ્રી યોગેશ્વરજીના પરિચયમાં ૧૯૬૪ની સાલમાં આવ્યા. ત્યારથી પૂ. શ્રી. જ્યારે પણ સુરત પધારે ત્યારે સાંજે પાંચ વાગે પૂ. શ્રી.ને પોતાની મોટરમાં ફરવા લઇ જવાનો એમનો નિયમ. એમણે એ નિયમ વર્ષો સુધી પાળ્યો. પૂ. શ્રી. પ્રત્યે એમને ખૂબ આદરભાવ ને પ્રેમભક્તિ.

એમનો શાંત, સરલ, પ્રેમાળ તથા સેવાભાવી સ્વભાવ એમના પરિચયમાં આવતા હરકોઇને સ્પર્શી જાય એવો. આવા સ્નેહાળ ને સેવાભાવી મહામના જનની વિદાય સહુને વસમી લાગે એ દેખીતું છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

પૂ. શ્રી.એ બેસન્ટ હોલમાં ડૉ. શ્રી મધુસૂદનભાઈ જોષીને સુંદર શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## સેવાભાવી શ્રીહરવાવિંદભાઈ રાવલનો સ્વર્ગવાસ

સમગ્ર સાબરકાંઠા જિલ્લામાંજ નહિ, પણ તેથીય વિશાળ વિસ્તારોમાં જેમની સેવાની સુવાસ ફેલાએલી છે, એવા શ્રી હરગોવિંદભાઇ રાવલનો સ્વર્ગવાસ તા. ૧૮-૫-૮૩ ના રોજ મુંબઈ ખાતે થયો. એક સેવાભાવી મૂક સેવા સેવકની એ ખોટભરી વિદાય હતી.

શ્રી હરગોવિંદભાઇના સ્વભાવમાંજ સેવાની ભાવના વણાઇ ગયેલી. સાબરકાંઠામાં કોઈપણ સ્થળે કોઇપણ સેવાના કાર્ય-માં-પછી તે નેત્રયજ્ઞ હોય, કે ભાગવત સપ્તાહ, શાળાનું ઉદ્ઘાટન કે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા-શ્રી.હરગોવિંદભાઇ પહોંચીજ જાય. આયોજનની ઉંડી સમજ, શીઘ્રનિર્ણય શકિત, ને નિર્ધારિત કાર્યક્રમોના અમલ માટેનો અદમ્ય ઉત્સાહ. કામ કરવાની ને બીજાઓ પાસેથી લેવાની સરસ આવડત-આવા આવા વિરલ ગુણોનો હરગોવિંદભાઇમાં સુભગ સમન્વય. ભણતર ઓછું પણ ગણતર ઘણું મોટું.

પ. પૂ.શ્રી યોગેશ્વરજી સાથે એમને વર્ષોથી પરિચય. તેમના પ્રત્યે ખૂબ પૂજ્ય ને આદરભાવ, શ્રદ્ધા ને ભકિત. પરંતુ સેવાની ધૂનને લીધે, પોતાના આરોગ્ય અને કુટુમ્બના ભોગેય એ સેવા કરતા રહ્યા. બબ્બે હાર્ડ એટેક પછી પણ સાવચેતી

( અનુસંધાન પાના ૫૮ ઉપર )

## નવા નોંધાયેલ આજીવન સભ્યો

'અધ્યાત્મ' માસિકના વાંચકોમાંથી ઉત્તરોત્તર આજીવન સભ્યો નોંધાતા જ જાય છે, તે વાંચકોનો સદ્ભાવ દર્શાવે છે નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે:-

૩૧૬ શ્રી. કપિલાબેન બિહારીલાલ ચોકસી, વડોદરા રૂ. ૨૫૧
૩૧૭ શ્રી. સુખાભાઇ ભીખાભાઇ ભકત, સીતાપુર, ,, ૨૫૧
૩૧૮ શ્રી. મોહનલાલ ધીરજભાઇ ભકત, અંબેટી ,, ૨૫૧
૩૧૯ ,, મગનભાઇ સી, પટેલ, કપુરા. ,, ૨૫૧
૩૨૦ ,, વિઠ્ઠલભાઈ ગોહિલ, ભાવનગર. ,, ૨૫૧
૩૨૧ ,, બાબુભાઇ કરસનજી પરમાર, સામપુરા. ,, ૨૫૧
( શ્રી. ભગવાનજીભાઇ સી. ભકત તરફથી )
૩૨૨ ,, રતનજીભાઈ વલ્લભભાઈ હાઇસ્કુલ, બાજીપુરા
( શ્રી. હીરાભાઈ મકનજીભાઇ પટેલ તરફથી ) ,, ૨૫૧
૩૨૩ શ્રી. હિતેશભાઈ જયંતીલાલ પટેલ, વડોદરા ,, ૨૫૧
૩૨૪ શ્રી. ભરતકુમાર ભાઇલાલભાઇ પટેલ, વડોદરા ,, ૨૫૧

# શિબિરના અંતે પૂ. શ્રીનો સંદેશ

[ પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ શિબિરાર્થીઓને પૂર્ણાહુતિ વખતે જે અણમોલ શીખ આપી, તે શબ્દો મનુષ્ય માત્રને પ્રેરણા પાનારા હોઇ, અહીં મૂકયા છે. વાંચકોને તે જરૂરથી ગમશે. —તંત્રી ]

- શિબિરના સાત દિવસ જ શું કામ, સમસ્ત જીવનને જ શિબિર જેવું બનાવો.
- એ હેતુ સિદ્ધ કરવા માટે, વ્યાવહારિક જીવનમાં પણ શિબિર જેવો ભાવ ને વ્યવહાર રાખવા પ્રયત્ન કરો.
- જીવન એ પ્રભુએ આપેલી પવિત્ર થાપણ છે. એટલે બને તેટલું જાગૃતિપૂર્વક જીવો. સમયનો સદુપયોગ કરી, આત્મદર્શન કે પ્રભુદર્શન માટે ઉત્સાહપૂર્વક પુરુષાર્થ કરતા રહો. તો જીવનમાં સંતોષનો અનુભવ કરી શકશો.
- સારા બનો ને બીજાઓને સહાયરૂપ થવા હંમેશાં પ્રયત્નશીલ રહો.
- દિવસમાં ઓછામાં ઓછું બે વાર સવાર-સાંજ ધ્યાન કરો. એનાથી ચિત્તની ચંચળતા ઘટશે.
- જીવનમાં શુભ સંકલ્પો કરતાં શીખો ને તે સંકલ્પોને વળગી રહો.
- જીવનમાં જે કાંઇ બુરાઇઓ હોય તે પ્રત્યે સજાગ બની નવજીવનના સંકલ્પો કરો. તે માટે પ્રામાણિક પુરુષાર્થ કરશો તો પ્રભુ જરૂરથી બળ આપશે. તેથી જીવન સારું ને પવિત્ર બનશે.

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડ બજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨